મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# મિત્રા બત્રીશી

## એક પરિશીલન

૨૧

: સંકલન :

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશક :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલિજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજા-
વિરચિત'द्वात्रिंशद्-द्वात्रिंशिका' પ્રકરણાન્તર્ગત

# મિત્રા બત્રીશી-એક પરિશીલન

**૨૧**

: પરિશીલન :

પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ. મ.સા. ના
પટ્ટાલંકાર પૂ. સ્વ. આ. ભ. શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. અમરગુપ્તસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. આ. ભ. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.


: પ્રકાશન :

**શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

આર્થિક સહકાર :

**એક સદ્‌ગૃહસ્થ - પુણે**

# મિત્રા બત્રીશી-એક પરિશીલન - ૨૧

આવૃત્તિ - પ્રથમ : પ્રકાશન : વિ. સં. ૨૦૬૦
નકલ - ૧૦૦૦ શ્રી અનેકાન્ત પ્રકાશન- જૈન રીલીજીયસ ટ્રસ્ટ

: પ્રાપ્તિસ્થાન :

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયાશેરી :
મહીધરપુરા, સુરત - ૩૯૫૦૦૩

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**પ્રમોદ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.

: આર્થિક સહકાર :
**એક સદ્ગૃહસ્થ - પુણે**

: મુદ્રણ વ્યવસ્થા :
કુમાર
૨૦૩ કેન્ટ ગાર્ડન, જામલી ગલી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨. ફોન : ૩૧૦૭ ૮૫૪૦

**પરિશીલનની પૂર્વે...**

આ પૂર્વે યોગાવતારબત્રીશીમાં અધ્યાત્માદિ યોગમાં; અન્ય દર્શનોએ પ્રરૂપેલા યોગોનો સમાવેશ જે રીતે થઈ શકે છે; તે જણાવીને યોગની આઠ દૃષ્ટિઓ પણ યોગસ્વરૂપ છે તે જણાવ્યું છે. એ યોગની આઠ દૃષ્ટિઓમાંથી પ્રથમ મિત્રાદૃષ્ટિનું વર્ણન આ બત્રીશીમાં કરાય છે.

જ્ઞાન અને દૃષ્ટિ-દર્શનમાંનો ફરક સમજી શકાય તો આ મિત્રાદૃષ્ટિનું સ્વરૂપ સમજવાનું અઘરું નથી. આ અનાદિ-અનંત સંસારમાં અત્યાર સુધી યોગનું જ્ઞાન અનેક વાર પ્રાપ્ત થયું. પરંતુ તે શિવસુખનું કારણ ન બન્યું. યોગની દૃષ્ટિ શિવસુખના કારણ તરીકે વર્ણવી છે. આથી સમજી શકાશે કે યોગના જ્ઞાનમાં અને દર્શન(દૃષ્ટિ)માં ઘણો જ ફરક છે. વર્ષોથી જે વસ્તુ આપણે જાણતા હોઈએ તેનું દર્શન થાય તો આપણા આનંદની અવધિ રહેતી નથી. એવી જ સ્થિતિ આ મિત્રાદૃષ્ટિ વખતે અનુભવાય છે. અત્યાર સુધી જે જોયું ન હતું તે યોગનું દર્શન સૌથી પ્રથમ આ દૃષ્ટિમાં થાય છે. આ રીતે યોગને જોયા પછી સાધક યોગની પ્રાપ્તિ માટેની સાધનાનો પ્રારંભ કરે છે.

આ બત્રીશીના પ્રથમ શ્લોકથી એ સાધનાનું વર્ણન કરવામાં આવ્યું છે. દર્શન મંદ હોય છે. યમ સ્વરૂપ પ્રથમ યોગાઙ્ગની પ્રાપ્તિ થાય છે. ખેદ નામના દોષનો વિગમ થાય છે અને અદ્વેષ-ગુણનો આવિર્ભાવ થાય છે. અહિંસાદિ પાંચ મહાવ્રતો સ્વરૂપ યમ છે. તેનું 'યોગસૂત્ર'માં જણાવેલું સ્વરૂપ વર્ણવીને તેની યોગાઙ્ગતા વર્ણવી છે. યોગની સાધનાના પ્રારંભકાળમાં પણ યમની જે પ્રધાનતા છે, તેનું ખૂબ જ સ્પષ્ટ રીતે વર્ણન 'યોગસૂત્ર'માં જણાવ્યા મુજબ અહીં કર્યું છે.

જૈનદર્શનને અનુસરીને આ દૃષ્ટિમાં જે યોગનાં બીજો પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન આઠમા શ્લોકથી શરૂ થાય છે. ચરમાવર્ત્તકાળમાં તથાભવ્યત્વના પરિપાકથી પ્રાપ્ત થનારું એ યોગબીજ આસઙ્ગથી રહિત હોય તો શુદ્ધ છે... ઈત્યાદિ વર્ણન સાધકો માટે નિરંતર સ્મરણીય છે. ખરેખર જ ફળની અભિસંધિ આત્માને ફળથી દૂર રાખે છે. ગ્રંથિભેદ કરેલો ન હોવા છતાં આ દૃષ્ટિમાં ક્ષયોપશમવિશેષે શુદ્ધયથા- પ્રવૃત્તિકરણના સામર્થ્યથી શુદ્ધ એવા યોગબીજની પ્રાપ્તિ થાય છે. આ વાત દૃષ્ટાંત સાથે અગિયારમા શ્લોકથી જણાવી છે.

ત્યાર બાદ સોળમા શ્લોક સુધીના શ્લોકોથી બીજાં પણ યોગનાં બીજોની પ્રાપ્તિ આ દૃષ્ટિમાં થાય છે તે સામાન્યથી વર્ણવ્યું છે.

આ સાધનાના ફળ સ્વરૂપે મિત્રાદૃષ્ટિમાં રહેલા યોગીને યોગાવંચકયોગ, ક્રિયાવંચકયોગ અને ફલાવંચકયોગ આ ત્રણ પ્રકારના અવંચકયોગની પ્રાપ્તિ થાય છે. એમાં તે આત્માની ભાવમલાલ્પતા મુખ્ય કારણ છે. આ વાત પણ દૃષ્ટાંતથી જણાવીને, એ સ્થિતિનું મુખ્ય કારણ ચરમયથાપ્રવૃત્તિકરણ છે; જેને યોગાચાર્યોએ અપૂર્વ તરીકે વર્ણવીને અવંધ્યફળવાળું વર્ણવ્યું છે... ઈત્યાદિનું વર્ણન ત્રેવીસમા શ્લોક સુધીના શ્લોકોથી કર્યું છે.

અપૂર્વકરણની નજીકની આ અવસ્થા હોવાથી આ દૃષ્ટિમાં પ્રથમ ગુણસ્થાનક પરમાર્થથી ગુણોનું સ્થાન બને છે. તે પૂર્વે તો તે નામથી જ ગુણસ્થાનક હતું. આ વાતનું સમર્થન કરીને છેલ્લા સાત શ્લોકોથી પ્રકરણાર્થનું સમાપન કર્યું છે. સદ્ગુરુદેવશ્રીના સુયોગથી આ દૃષ્ટિમાં જેમ ગુણોની પ્રાપ્તિ થાય છે તેમ શરીરની અંદર રહેલા તાવની જેમ હજી આગ્રહ ગયો ન હોવાથી કોઈ વાર અસત્પુરુષોના યોગથી ગુણોના બદલે ગુણાભાસની પણ પ્રાપ્તિનો સંભવ જણાવ્યો છે. તેથી સમજી શકાશે કે સત્પુરુષોના યોગનું ખૂબ જ મહત્ત્વ છે. છેલ્લા ત્રણ શ્લોકોથી ખૂબ જ સ્પષ્ટ રીતે એનું મહત્ત્વ જણાવ્યું છે. એનું પરિશીલન કરી સદ્ગુરુદેવશ્રીના યોગને પામી એના મહત્ત્વને સમજી સદાને માટે એને ટકાવી રાખવા પ્રયત્ન કર્યા વિના ચાલે એવું નથી. મિત્રાદૃષ્ટિની આ એક અદ્ભુત સિદ્ધિ છે. સઘળાય ગુણો આપણામાં ન હોય એ સમજી શકાય પણ સઘળા ય ગુણોનું મૂળ સદ્યોગ ન હોય : એ કઈ રીતે માનવું. અંતે આ બત્રીશીના અધ્યયનથી મિત્રાદૃષ્ટિની સિદ્ધિરૂપે પરમકલ્યાણમિત્ર એવા સદ્ગુરુદેવના યોગની પ્રાપ્તિ અને પરિરક્ષા માટે આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભ્યર્થના...

જૈન ઉપાશ્રય : રત્નપુરી  આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭.
ચૈત્ર સુદ ૧૩, તા. ૩-૪-૨૦૦૪

## अथ प्रारभ्यते मित्राद्वात्रिंशिका ।

આ પૂર્વે યોગાવતારબત્રીશીમાં મિત્રાદિ આઠ દૃષ્ટિઓનું પણ અવતરણ કર્યું. તે આઠ દૃષ્ટિઓમાં પ્રથમ જે મિત્રાદૃષ્ટિ છે; તેનું વિસ્તારથી અહીં વર્ણન કરાય છે-

**मित्रायां दर्शनं मन्दं, योगाङ्गं च यमो भवेद् ।**
**अखेदो देवकार्यादावन्यत्राद्वेष एव च ॥२१-१॥**

"મિત્રાદૃષ્ટિમાં દર્શન(બોધ) મંદ હોય છે. યોગના અઙ્ગ તરીકે યમ હોય છે. દેવકાર્યાદિમાં ખેદનો અભાવ હોય છે અને દેવકાર્યાદિને છોડીને બીજે દ્વેષનો અભાવ જ હોય છે."-આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. આશય એ છે કે મિત્રા નામની પહેલી દૃષ્ટિમાં દર્શન(બોધ) ખૂબ જ અલ્પ હોય છે. તૃણના અગ્નિના કણનો જે પ્રકાશ હોય છે, તેના જેવો અત્યંત અલ્પ બોધ હોય છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં અત્યાર સુધી જે પ્રાપ્ત થયો ન હતો તે બોધ અહીં પ્રાપ્ત થાય છે. એ અપેક્ષાએ વિચારીએ તો સમજાશે કે અહીં જે બોધ છે તે વિશિષ્ટ છે. તારાદિ દૃષ્ટિઓની અપેક્ષાએ એ બોધ ખૂબ જ અલ્પ છે.

યોગનાં આઠ અઙ્ગોમાંથી પ્રથમ યમસ્વરૂપ અંગની પ્રાપ્તિ થાય છે. સામાન્યથી ઈચ્છાયમ પ્રવૃત્તિયમ સ્થિરયમ અને સિદ્ધિયમ : આ ચાર પ્રકારના યમ છે. એમાંથી આ મિત્રાદૃષ્ટિમાં ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમ : આ બે યમની પ્રાપ્તિ થાય છે."**इच्छा तद्वत्कथाप्रीतिः, पालनं शमसंयुतम् । प्रवृत्ति र्दोषभीहानिः, स्थैर्यं सिद्धिः परार्थता ॥**"- આ શ્લોકથી ગ્રંથકારશ્રીએ ઈચ્છાદિનું સ્વરૂપ સંક્ષેપથી વર્ણવ્યું છે. યોગીઓની કથામાં પ્રીતિ થવી : એ ઈચ્છાયોગ છે.

કષાયથી રહિતપણે કરાતી ક્રિયા : એ પ્રવૃત્તિયોગ છે. એ વખતે અભ્યાસાદિને કારણે દોષનો ભય ન રહે એ સ્થિરતા છે અને આપણા જેવી જ યોગની પ્રાપ્તિ બીજાને થવી : એ સિદ્ધિ છે. દરેક યોગનાં અઙ્ગોના એ રીતે ચાર ભેદ (પ્રકાર) છે. વિસ્તારથી એનું સ્વરૂપ 'યોગવિંશિકા એક પરિશીલન'થી સમજી લેવું.

દેવના કાર્યમાં તેમ જ ગુરુના કાર્ય વગેરેમાં મિત્રાદષ્ટિના યોગીને વ્યાકુળતાસ્વરૂપ ખેદ થતો નથી, ઉપરથી તે તે કાર્ય ઉપસ્થિત થયે છતે તે તે પ્રસંગે તેમને પરિતોષ થાય છે. ખેદ થતો નથી, પરંતુ તે તે કાર્યમાં પ્રવૃત્તિ જ થાય છે. ભવાભિનંદી જીવોને તે તે વિષયોનો પરિભોગ કરવાથી માથું ભારે થવાદિ દોષો પ્રાપ્ત થવા છતાં જેમ ભોગની પ્રવૃત્તિ ચાલે જ છે તેમ દેવ, ગુરુ અને ધર્મની પ્રવૃત્તિ વખતે તકલીફ પડવા છતાં મિત્રાદષ્ટિના યોગીને તે વખતે ખેદ થતો નથી, પરંતુ પ્રવૃત્તિ ચાલ્યા કરે છે.

અહીં દેવ, ગુરુ વગેરેના કાર્યને છોડીને અન્ય કાર્ય પ્રસઙ્ગે માત્સર્યસ્વરૂપ દ્વેષ થતો નથી. કારણ કે માત્સર્યની શક્તિ સ્વરૂપ બીજ હોવા છતાં અહીં યોગી તત્ત્વને જાણતા હોવાથી માત્સર્યના પરિણામ સ્વરૂપ ભાવાઙ્કુરનો ઉદય થતો ન હોવાથી તેવા પ્રકારના(દેવ, ગુરુ અને ધર્મને છોડીને બીજાના) કાર્યને આશ્રયીને આ દષ્ટિને પામેલા યોગીને થોડી કરુણાનો અંશ સ્ફુરે છે. આશય એ છે કે આ દષ્ટિમાં રહેલા યોગીને ઉપર જણાવ્યા મુજબ દેવ, ગુરુ અને ધર્મના તે તે કાર્ય પ્રત્યે પ્રીતિ હોય છે. આવા વખતે તેનાથી અતિરિક્ત(અદેવકાર્યાદિ) અનુષ્ઠાનનો પ્રસઙ્ગ આવે તો તે સમજે છે કે એ કાર્ય કર્યા વિના ચાલે એવું નથી. એ કર્યા

પછી દેવકાર્યાદિ કરવાની અનુકૂળતા મળશે. તેથી તે કાર્ય પણ કરી આપું... ઈત્યાદિ સ્વરૂપ કરુણાભાવે અહીં બીજાં કાર્યો કરાય છે. તેથી માત્સર્યસ્વરૂપ દ્વેષનો અહીં સંભવ નથી રહેતો. ॥૨૧-૧॥

••••○••••○••••

પ્રથમ દૃષ્ટિમાં પ્રાપ્ત થતા યોગના પહેલા અઙ્ગ યમનું એના ભેદો(પ્રકારો) સાથે સ્વરૂપ જણાવાય છે-

**अहिंसासूनृतास्तेयब्रह्माकिञ्चनता यमाः ।**
**दिक्कालाद्यनवच्छिन्नाः, सार्वभौमा महाव्रतम् ॥२१-२॥**

"વિવક્ષિત દેશ અને કાળ વગેરેની અપેક્ષા વિના; દરેક ભૂમિકામાં થનારા(હોનારા) અહિંસા, સૂનૃત, અસ્તેય, બ્રહ્મચર્ય અને અકિઞ્ચનતા(અપરિગ્રહ) : આ મહાવ્રત સ્વરૂપ 'યમ' છે."-આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય આમ તો સ્પષ્ટ છે. પરંતુ શાસ્ત્રીય પરિભાષામાં તેનું સ્વરૂપ સમજાવતાં ફરમાવ્યું છે કે; પ્રાણનો વિયોગ કરવાનું જેનું પ્રયોજન છે, એવા મન - વચન - કાયાના વ્યાપારને હિંસા કહેવાય છે. તેના અભાવને અહિંસા કહેવાય છે. વાણી અને મનની યથાર્થતાને સૂનૃત કહેવાય છે. બીજાના ધનાદિના અપહરણને સ્તેય કહેવાય છે અને તેનો અભાવ, અસ્તેય છે. જનનેન્દ્રિયના સંયમને બ્રહ્મચર્ય કહેવાય છે. ભોગનાં સાધનોના અસ્વીકારને અકિઞ્ચનતા કહેવાય છે. : આ પાંચ યમ છે. એ જણાવતાં યોગસૂત્રમાં-(૨-૩૦) જણાવ્યું છે કે-'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ : આ પાંચ યમ છે.'

મન વાણી અને કાયાથી; બીજાનું અનિષ્ટ ચિંતન,

કઠોર ભાષણ અને પ્રાણીઓને સતાવવું : આ હિંસા છે અને તેનો અભાવ અહિંસા છે. જેવું જોયું હોય, જેવું અનુમાન કરેલું હોય અને જેવું સાંભળેલું હોય; તે પ્રમાણે જ કહેવું તે સત્ય છે. એ વાણી બીજાને છેતરનારી હોવી ન જોઈએ અને તેથી બીજાનો ઉપઘાત થવો ના જોઈએ. અન્યથા તે વાણી સત્યસ્વરૂપ મનાતી નથી. શાસ્ત્રોક્ત વિધિ વિના બીજાની પાસેથી દ્રવ્ય ગ્રહણ કરવા સ્વરૂપ સ્તેય છે અને તેનો અભાવ અસ્તેય છે. અહીં ગ્રહણ ન કરવું એનો અર્થ ચિત્તથી સ્પૃહા પણ ન કરવી-એ પ્રમાણે છે. તેથી જ **अस्पृहारूपमस्तेयम्**-આ પ્રમાણે ભાષ્યકારે જણાવ્યું છે. સર્વઈન્દ્રિયોના નિરોધપૂર્વક જનનેન્દ્રિયનો સંયમ કરવો તે બ્રહ્મચર્ય છે. સ્ત્રીનું સ્મરણ કરવું, સ્ત્રીનું કીર્ત્તન કરવું, તેની સાથે હાસ્ય વગેરે ક્રીડા કરવી, તેની સામે દૃષ્ટિપાત કરવો, તેની સાથે એકાંતમાં વાત કરવી, સ્ત્રીના ભોગનો સંકલ્પ કરવો, સ્ત્રીભોગનો નિશ્ચયપૂર્વક વિચાર કરવો અને સ્ત્રીની સાથે મૈથુન સેવવું, : આ આઠ પ્રકારે અબ્રહ્મ છે. તેનો ત્યાગ કરવો એ બ્રહ્મચર્ય છે. વિષય-ભોગમાં; સંપાદન આસક્તિ અને હિંસા... વગેરે દોષો છે-એમ સમજીને તેનો(વિષયોનો) સ્વીકાર ન કરવો : તેને અપરિગ્રહ કહેવાય છે.

ઉપર જણાવેલા આ પાંચ યમને મહાવ્રત કહેવાય છે. તે અહિંસાદિનો સ્વીકાર કરતી વખતે દિગ્-દેશ, કાલ, જાતિ અને સમયને આશ્રયીને અપવાદ રાખવામાં આવતો નથી. તેથી તે યમને દિક્કાલાદ્યનવચ્છિન્ન કહેવાય છે. અન્યથા તે દિક્કાલાદ્યવચ્છિન્ન કહેવાય છે. તીર્થક્ષેત્રાદિ સ્વરૂપ દેશ છે. ચૌદસ આદિ તિથિ વગેરે કાળ છે. બ્રાહ્મણી

વગેરે જાતિ છે અને પ્રયોજનરૂપ સમય છે. તીર્થમાં કોઈને પણ હણીશ નહીં, ચૌદસે હણીશ નહિ, બ્રાહ્મણને હણીશ નહિ અને દેવ કે બ્રાહ્મણાદિને છોડીને બીજા માટે હણીશ નહીં... ઈત્યાદિ રીતે જે અહિંસાનો સ્વીકાર છે; તે ક્રમશઃ દેશ, કાલ, જાતિ અને સમયથી અવચ્છિન્ન છે, અનવચ્છિન્ન નથી. તેથી તે મહાવ્રતો સ્વરૂપ નહીં બને. મહાવ્રતો સર્વ વિષયમાં હોય છે. અને ચિત્તની દરેક અવસ્થાઓમાં હોય છે તેથી સાર્વભૌમ કહેવાય છે. **क्षिप्त मूढ विक्षिप्त एकाग्र** અને **निरुद्ध** : આ પાંચ ચિત્તની અવસ્થાઓ છે. સામાન્ય રીતે દૈત્ય-દાનવાદિનું ચિત્ત ક્ષિપ્ત હોય છે. રાક્ષસ-પિશાચાદિનું ચિત્ત મૂઢ હોય છે. દેવોનું ચિત્ત વિક્ષિપ્ત હોય છે. સમ્પ્રજ્ઞાતસમાધિમાં આરૂઢ થયેલા સાધકોનું ચિત્ત એકાગ્ર હોય છે. અને ક્લેશથી રહિત જીવન્મુક્ત એવા કૃતકૃત્ય યોગીઓનું ચિત્ત નિરુદ્ધ હોય છે. એ અવસ્થાઓનું સ્વરૂપ જિજ્ઞાસુએ પાતઞ્જલયોગદર્શનથી જાણવું. પાતઞ્જલયોગસૂત્ર-(૨-૩૧)માં આ મહાવ્રતોનું વર્ણન કરતાં જણાવ્યું છે કે-જાતિ, દેશ, કાળ અને સમયથી અનવચ્છિન્ન સર્વ અવસ્થામાં હોનારા પાંચ યમ મહાવ્રત છે. ॥૨૧-૨॥

•••○•••○•••○•••

પાંચ પ્રકારના અહિંસાદિ 'યમ'ને યોગાઙ્ગ તરીકે કેમ વર્ણવાય છે-તે જણાવાય છે-

**बाधनेन वितर्काणां, प्रतिपक्षस्य भावनात् ।**
**योगसौकर्यतोऽमीषां, योगाङ्गत्वमुदाहृतम् ॥२१-३॥**

"અહિંસાદિના વિરોધી એવા હિંસાદિમાં દોષની પરિભાવના કરવાથી વિતર્કોનો બાધ થવા વડે યોગની

સુકરતા થાય છે; તેથી યમ નિયમ આસન અને પ્રાણાયામ વગેરેને યોગના અઙ્ગ તરીકે વર્ણવાય છે.''- આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્યથી યમ-નિયમાદિ યોગનાં સાધન ન હોવાથી તેને યોગનાં અઙ્ગ તરીકે વર્ણવવાનું કઈ રીતે ઉચિત બને ? આવી શઙ્કાનું સમાધાન કરતાં આ શ્લોકથી ફરમાવ્યું છે કે યોગનાં સાધન જેમ યોગનાં અઙ્ગ બને છે તેમ યોગના પરિપંથીઓનો બાધ કરનારને પણ યોગનાં અઙ્ગ માનવાં જોઈએ.

પ્રતિપક્ષની ભાવનાથી વિતર્કોનો બાધ થાય છે. મુમુક્ષુ આત્માને જ્યારે અહિંસાદિના પ્રતિપક્ષભૂત (વિરોધી-ભૂત) હિંસા અસત્ય સ્તેય અબ્રહ્મ અને પરિગ્રહનો પરિણામ જાગે ત્યારે અત્યંત વધેલા કુમાર્ગ તરફના પ્રવાહવાળા વિતર્કથી બંધનને પામતા હિંસાદિમાં તેણે પ્રવૃત્ત ન થવું. પણ ''આ ઘોર સંસારમાં બળતા અને સેકાતા મેં સઘળા પ્રાણીઓના અભયદાન માટે કથંચિદ્ અહિંસાદિ યોગધર્મનું શરણું સ્વીકાર્યું છે તો જો હું તેનો ત્યાગ કરી હિંસાદિને સેવીશ તો હું પણ કૂતરાજેવો વાંતભક્ષી(વમેલું ખાનાર) થઈ જઈશ...' આવા પ્રકારની પ્રતિપક્ષ-ઊલટી ભાવના કરવી. આવી પ્રતિપક્ષ ભાવનાથી વિતર્કભૂત હિંસાદિ યોગપરિપંથીનો બાધ થાય છે. અને તેથી અર્થાદ્ યોગના પરિપંથીનું અનુત્થાન અથવા તો ઉત્થિતના સામર્થ્યની ઉપહતિ(નાશ) થવાથી યોગની સામગ્રી સારી રીતે પ્રાપ્ત થાય છે. તેથી યમ કે નિયમ વગેરેને યોગનાં અઙ્ગ તરીકે વર્ણવ્યાં છે. ધારણાદિ જેવી રીતે યોગના સાક્ષાદ્ ઉપકારક બને છે અને વાસનાદિ જેમ ઉત્તરોત્તર સાતત્ય ટકાવવા

દ્વારા ઉપકારક બને છે તેમ અહીં અહિંસાદિ પાંચ યમ ઉપકારક બનતા નથી. પરંતુ યોગના પ્રતિબંધક હિંસાદિને દૂર કરવા દ્વારા અહીં યોગની પ્રત્યે ઉપકારક બને છે. આ વાતને જણાવતાં યોગસૂત્ર(૨-૩૩)માં જણાવ્યું છે કે "યમાદિનો વિતર્ક(હિંસાદિ પરિણામ)થી બાધ થયે છતે પ્રતિપક્ષની ભાવના કેળવવી.". ॥૨૧-૩॥

••••o••••o••••

વિતર્કનું સ્વરૂપ વગેરે જણાવાય છે-

**क्रोधाल्लोभाच्च मोहाच्च, कृतानुमितकारिताः ।**
**मृदुमध्याधिमात्राश्च, वितर्काः सप्तविंशतिः ॥२१-४॥**

"ક્રોધ લોભ અને મોહ : આ ત્રણના કારણે કરેલ અનુમોદેલ અને કરાવેલ; મૃદુ મધ્ય અને અધિમાત્ર પ્રમાણવાળા વિતર્ક સત્તાવીશ છે."-આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે અહિંસાદિના વિરોધીભૂત જે; 'હું અવશ્ય હિંસા કરીશ'... વગેરે સ્વરૂપ નિશ્ચયાત્મક તર્ક છે તેને વિતર્ક કહેવાય છે. આ વિતર્કના કારણ ક્રોધ લોભ અને મોહ : આ ત્રણ છે. એમાં કૃત્ય અને અકૃત્યના વિવેકનું ઉન્મૂલન કરનાર પ્રજ્વલન સ્વરૂપ ચિત્તપરિણામ-એ ક્રોધ છે. તૃષ્ણાસ્વરૂપ લોભ છે અને મોહ, સકલ ક્લેશોનું મૂળ એવું, આત્મભિન્નમાં આત્માનું જે અભિમાન છે તે સ્વરૂપ છે. જે શરીરાદિ આત્માથી ભિન્ન છે અને જે ધનાદિ આત્માના નથી; તેને આત્મસ્વરૂપ અને આત્મીય(પોતાના)સ્વરૂપ માનવું : એ અભિમાન છે અને તે મોહ છે જે સકલ ક્લેશોનું મૂળ છે. વિતર્કોનું સ્વરૂપ હિંસાદિ છે. તેનાં કારણ ક્રોધ, લોભ અને મોહ છે. તેને

આશ્રયીને વિતર્કના ત્રણ પ્રકાર છે. તે દરેકના કૃત, અનુમોદિત અને કારિત : આ ત્રણ પ્રકાર હોવાથી વિતર્કના નવ પ્રકાર પડે છે.

એ નવ પ્રકારના દરેક વિતર્કના મૃદુ, મધ્ય અને અધિમાત્ર આવા ત્રણ ત્રણ ભેદ છે. તેથી વિતર્કના સત્તાવીશ ભેદ થાય છે. મંદને મૃદુ કહેવાય છે. જે મંદ પણ નથી અને તીવ્ર પણ નથી તેને મધ્ય કહેવાય છે; અને તીવ્રને અધિમાત્ર કહેવાય છે. આ સત્તાવીશ ભેદોનું (પ્રકારોનું) વર્ણન કરતાં યોગસૂત્રમાં જણાવ્યું છે કે-વિતર્કો હિંસાદિ સ્વરૂપ છે. તેના કૃત કારિત અને અનુમોદિત ત્રણ ભેદ છે. તેનાં કારણ ક્રોધ લોભ અને મોહ છે. અર્થાત્ તે વિતર્કો ક્રોધાદિપૂર્વકના છે. અને તે નવ વિતર્કો મૃદુ મધ્ય અને અધિમાત્ર ધર્મવાળા હોય છે. યોગસૂત્ર નં. ૨-૩૪ના પ્રકૃતોપયોગી અંશનો જ અહીં ઉલ્લેખ છે. સ્વરૂપ, કારણ, પ્રકાર અને ધર્મને આશ્રયીને વિતર્કોનું નિરૂપણ અહીં કર્યું છે. લોભ ક્રોધ અને મોહપૂર્વક વિતર્ક હોય છે આ જણાવવા **लोभक्रोधमोहपूर्वकाः...** આ પ્રમાણે સૂત્રમાં ક્રમનો વ્યત્યય કરીને જણાવ્યું હોવા છતાં સ્વપરવિભાગપૂર્વકના ક્રોધ અને લોભ હોવા છતાં તે મોહમૂલક હોવાથી અહીં મોહનું પ્રાધાન્ય છે-એ પ્રમાણે કહે છે. મૃદુ મધ્ય અને અધિમાત્ર દરેકના પણ મૃદુ મધ્ય અને અધિમાત્ર : આ ત્રણ ભેદ માનીએ તો મૃદુમૃદુ મધ્યમૃદુ અને અધિમાત્ર મૃદુ... ઈત્યાદિ રીતે મૃદુ વગેરેના નવ ભેદ થવાથી ૮૧ ભેદ વિતર્કના થાય છે... એમ કેટલાક કહે છે. એ મુજબ જીવાદિની અપેક્ષાએ વિચારીએ તો અસઙ્ખ્યભેદો પણ વિતર્કના વિચારી શકાય. ॥૨૧-૪॥

ફળની અપેક્ષાએ વિતર્કોનું નિરૂપણ કરાય છે-

**दुःखाज्ञानानन्तफला, अमी इति विभावनात् ।**
**प्रकर्षं गच्छतामेतद्यमानां फलमुच्यते ॥२१-५॥**

"દુઃખ અને અજ્ઞાન સ્વરૂપ અનંત ફળને આપનારા આ હિંસાદિ વિતર્કો છે-આ પ્રમાણે વિભાવન કરવાથી; યમના પ્રકર્ષને પામનારાને આ(હવે જણાવાશે તે) ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ તેમના આ ફળને કહેવાય છે."-આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સમજી શકાય છે કે વિતર્કસ્વરૂપ હિંસાદિને આચરનારાદિને અપરિચ્છિન્ન(જેની કલ્પના ના કરી શકાય એવું)-અનંત દુઃખ અને અજ્ઞાન સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે. પ્રતિકૂળ-સ્વરૂપે જણાતો, રજોગુણની અધિકતાથી ઉત્પન્ન જે ચિત્તનો રાજસધર્મ છે; તેને દુઃખ કહેવાય છે અને સંશય વિપર્યય તથા અનધ્યવસાય સ્વરૂપ મિથ્યાજ્ઞાનને અજ્ઞાન કહેવાય છે.

આવા અનંતફળને આપનારા એ વિતર્કો છે-એ પ્રમાણે જેઓ નિરંતર ધ્યાનમાં રાખે છે, તેઓ ઉત્તરોત્તર અહિંસાદિરૂપ યમના પ્રકૃષ્ટ ભાવને પામે છે. જેથી હવે પછી વર્ણવવામાં આવનાર એવા ફળની તેમને પ્રાપ્તિ થાય છે. ॥૨૧-૫॥

♦♦♦○♦♦♦○♦♦♦○♦♦♦

પ્રકૃષ્ટભાવવાળા યમના ફળને જણાવાય છે-

**वैरत्यागोऽन्तिके तस्य, फलं चाकृतकर्मणः ।**
**रत्नोपस्थानसद्वीर्यलाभो जनुरनुस्मृतिः ॥२१-६॥**

"અહિંસાદિ અભ્યાસવાળા યોગીની પાસે રહેનારાને અનુક્રમે વૈરનો ત્યાગ; યોગી જેને જે કહે, તેને ક્રિયા ન

કરવા છતાં તે ફળની પ્રાપ્તિ, યોગીને દિવ્યરત્નોની પ્રાપ્તિ, વીર્યનો લાભ અને જન્મનું અનુસ્મરણ પ્રાપ્ત થાય છે.''- આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ અહિંસાદિ પાંચ યમમાં જે પ્રકૃષ્ટ ભાવને પામ્યા છે તે યોગીને અહિંસાના અભ્યાસના કારણે બીજાને અહિંસાભાવને પ્રાપ્ત કરાવવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ યોગીની પાસે સ્વાભાવિક વિરોધવાળા સર્પ-નકુળાદિ જીવો આવે તો યોગીના સાન્નિધ્યમાં તેઓ વૈરનો ત્યાગ કરનારા બને છે. આ વાતને જણાવતાં યોગસૂત્રમાં (૨-૩૫) જણાવ્યું છે કે અહિંસા આત્મામાં સિદ્ધ થયે છતે તે યોગીના સાન્નિધ્યમાં નિત્યવૈરવાળા જીવો પણ વૈરભાવનો ત્યાગ કરે છે.

સત્યસ્વરૂપ યમના પ્રકર્ષભાવને પામેલા આત્માઓને વચનસિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. સત્યના અભ્યાસવાળા આ યોગી પુરુષો જે આત્માને જે પણ સારું કે ખરાબ થશે-એમ કહે ત્યારે તે સારા કે ખરાબ ફળને અનુકૂળ ક્રિયા કર્યા વિના પણ તે આત્માને, તે સારા કે ખરાબ ફળની પ્રાપ્તિ થતી હોય છે. સામાન્ય રીતે કરાતી એવી યજ્ઞ-યાગાદિની ક્રિયાઓ સ્વર્ગાદિ ફળને આપનારી બને છે. પરંતુ અભ્યસ્ત છે સત્ય જેને એવા આ યોગીનું સત્ય તો એવા પ્રકર્ષને પામ્યું છે કે જેથી યજ્ઞયાગાદિની ક્રિયા કર્યા વિના પણ યોગીના વચનમાત્રથી તે તે ફળને, જીવો પ્રાપ્ત કરે છે. આ વાત યોગસૂત્રમાં (૨-૩૬) જણાવી છે. તેનો આશય એ છે કે-યોગીના આત્મામાં સત્ય પ્રતિષ્ઠિત થયે છતે તે તે યજ્ઞયાગાદિ ક્રિયાના તે તે સ્વર્ગાદિ ફળનું આશ્રયત્વ, યોગીના વચનમાત્રથી જ પુરુષોને પ્રાપ્ત થાય

છે... યોગીને વચનસિદ્ધિ પ્રાપ્ત થવાથી તે શાપ કે આશીર્વાદ આપે તો તે પ્રમાણે અવશ્ય થાય છે... આવા યોગીઓને વચનસિદ્ધ યોગી કહેવાય છે.

અસ્તેયસ્વરૂપ ત્રીજા યમના અભ્યાસવાળા યોગીને કોઈ પણ પ્રકારની ઈચ્છા ન હોવા છતાં બધી જાતિના તે તે દેશના અને તે તે કાળનાં અમૂલ્ય રત્નોની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મચર્યના અભ્યાસવાળા યોગીને સર્વોત્કૃષ્ટ વીર્ય-સામર્થ્યની પ્રાપ્તિ થાય છે. જેના યોગે ભવિષ્યમાં તે યોગીને અષ્ટમહાસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. વીર્યનો નિરોધ : એ બ્રહ્મચર્ય છે. તેના પ્રકર્ષથી શરીર ઈન્દ્રિયો અને મનમાં પ્રકૃષ્ટ સામર્થ્ય આવે છે.

અપરિગ્રહસ્વરૂપ પાંચમા યમના અભ્યાસવાળા યોગીને જન્મની ઉપસ્થિતિ(જાતિસ્મરણ) થાય છે. "ભૂત-કાળમાં હું કોણ હતો; વર્ત્તમાનમાં હું કેવો છું અને ભવિષ્યમાં કયા કાર્યને કરનારો થઈશ."-ઈત્યાદિ જિજ્ઞાસા હોય ત્યારે આ અપરિગ્રહની પ્રતિષ્ઠાને પામેલા યોગી તેને સારી રીતે જાણી લે છે. માત્ર ભોગનાં સાધનોનો પરિગ્રહ જ પરિગ્રહ નથી. પરંતુ આત્માને શરીરનો પરિગ્રહ પણ પરિગ્રહ છે. કારણ કે વિષયોની જેમ શરીર પણ ભોગનું સાધન છે. એ શરીરનો પરિગ્રહ હોતે છતે રાગના અનુબંધના કારણે બહિર્મુખ જ પ્રવૃત્તિ થવાથી તાત્ત્વિકજ્ઞાનનો આવિર્ભાવ શક્ય નથી. જ્યારે શરીરાદિના પરિગ્રહની નિરપેક્ષતાને લઈને માધ્યસ્થ્યનું અવલંબન લેવાય છે. ત્યારે તે મધ્યસ્થ યોગીને રાગાદિ દોષના ત્યાગથી અપરિગ્રહનો અભ્યાસ; ભૂત-ભવિષ્યજન્મના સંબોધનું કારણ બને જ છે. એ પ્રમાણે યોગસૂત્રથી(૨-૩૯) જણાવ્યું છે. અપરિગ્રહની સ્થિરતામાં

ભૂત વર્ત્તમાન અને ભવિષ્યના જન્મના કેવા પ્રકારનું સમ્યગ્જ્ઞાન થાય છે. અર્થાદ્ ભૂતકાળમાં હું કોણ હતો, ક્યાં હતો, કેવી રીતે રહેતો; વર્ત્તમાનશરીર ભૂતોનું કાર્ય છે કે ભૂતોનો સમૂહ છે અથવા ભૂતોથી અન્ય છે; તેમ જ ભવિષ્યમાં હું કોણ થઈશ, કેવી રીતે થઈશ અને ક્યાં થઈશ... ઈત્યાદિ વિષયની જિજ્ઞાસામાં તેને સારી રીતે જ્ઞાન થાય છે. ॥૨૧-૬॥

♦♦♦○♦♦♦○♦♦♦○♦♦♦

અન્યદર્શનને આશ્રયીને યમનું ફળ વર્ણવીને હવે શ્રી જિનેશ્વર દેવોના પ્રવચનને આશ્રયીને તે વર્ણવાય છે-

**इत्थं यमप्रधानत्वमवगम्य स्वतन्त्रतः ।**
**योगबीजमुपादत्ते, श्रुतमत्र श્रुतादपि ॥२१-७॥**

''સ્વાભિમત પતઞ્જલિ વગેરેના શાસ્ત્રથી અહિંસાદિ યમનું પ્રાધાન્ય જાણીને; અહીં મિત્રાદષ્ટિમાં આત્મા શ્રી જિનેશ્વરદેવોના પ્રવચનથી સાંભળેલા પણ યોગબીજને ગ્રહણ કરે છે.''-આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ આ મિત્રાદષ્ટિ મિથ્યાદષ્ટિને હોય છે. સામાન્ય રીતે આવા આત્માઓને કર્મની લઘુતાએ યોગને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થતી હોય છે. પરંતુ શરૂઆતમાં જ લોકોત્તર એવા, શ્રી તીર્થંકરપરમાત્માએ પ્રરૂપેલા યોગની સામગ્રી બધાને મળી જ જાય એવું ન બને-એ સમજી શકાય છે.

આવી સ્થિતિમાં પહેલા ગુણસ્થાનકે પતઞ્જલિ વગેરેના શાસ્ત્રના પરિચયથી યોગની સામગ્રીનો ઉપયોગ કરી ત્યાં જણાવેલા યમાદિ યોગાઙ્ગાદિનું પ્રાધાન્ય તે તે આત્માઓને

જાણવા મળે છે. એ મુજબ તેઓ શક્ય પ્રયત્ને તેનો સ્વીકાર કરી યોગની પ્રવૃત્તિનો આરંભ કરે છે. તે વખતે યોગધર્મની પરમ પ્રીતિને કારણે અને કોઈની પ્રત્યે એવો પૂર્વગ્રહ ન હોવાના કારણે તેઓ યોગશાસ્ત્રોનું શ્રવણ ખૂબ જ આદરથી કરતા હોય છે. આમ કરતાં કોઈ વાર શ્રી જિનેશ્વરદેવોના પ્રવચનથી સાંભળેલા યોગબીજનું તે સ્વભાવથી જ ગ્રહણ કરે છે... એમાં મુખ્યપણે આત્માનો આ પૂર્વેનો અસદ્ગ્રહ નિવૃત્ત થયેલો હોવાથી અને સદ્ગુરુ ભગવંતની પાસે શ્રવણ કર્યું હોવાથી અહીં યોગબીજનું ઉપાદાન પારમાર્થિક રીતે શક્ય બને છે. ।।૨૧-૭।।

••••○••••○••••

સામાન્યથી કહેલા યોગબીજને જ જણાવાય છે-

**जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।**
**प्रणामादि च संशुद्धं, योगबीजमनुत्तमम् ।।२१-८।।**

"શ્રી જિનેશ્વરદેવોને વિશે કુશલ ચિત્ત, તેઓશ્રીને નમસ્કાર જ અને તેઓશ્રીને પ્રણામ વગેરે જે શુદ્ધ છે; તે યોગનાં સર્વોત્તમ બીજ છે."-આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ મિત્રાદષ્ટિમાં મુમુક્ષુ આત્માને શ્રી અરિહંતપરમાત્માની પ્રત્યે દ્વેષ કે ઉપેક્ષાદિ ભાવ ન હોવાથી તેનું ચિત્ત પ્રીતિ-ભક્તિથી યુક્ત હોય છે. આથી તે મુમુક્ષુના મનના યોગની વૃત્તિ જણાવી છે. આ મનોયોગથી પ્રેરિત મુમુક્ષુ શ્રી અરિહંતપરમાત્માને નમસ્કાર કરે છે. નમઃ... ઈત્યાદિ શબ્દોચ્ચારણપૂર્વક કર-સંયોજનાદિ વ્યાપારસ્વરૂપ નમસ્કાર છે. આથી મુમુક્ષુની વાગ્યોગવૃત્તિ જણાવી છે.

પંચાઙ્ગે શ્રી અરિહંતપરમાત્માને પ્રણામ કરવો; તેઓશ્રીને પ્રદક્ષિણા આપવી... વગેરે યોગનાં અનુત્તમ કોટીનાં બીજ છે. શ્લોકમાં **સંશુદ્ધ** આ પદ, અશુદ્ધ પ્રણામાદિના વ્યવચ્છેદ માટે છે. અશુદ્ધ પ્રણામાદિ સામાન્યથી યથાપ્રવૃત્તકરણ વખતે હોય છે. ગ્રંથિદેશે આવેલા જીવોને એ યથાપ્રવૃત્તકરણ હોય છે, જે અભવ્યાત્માઓને તેમ જ અચરમાવર્ત્તકાળમાં ભવ્યાત્માઓને પણ હોય છે. એથી આ કરણ(ગ્રંથિદેશને પ્રાપ્ત કરાવનાર આત્મપરિણામ); યોગના બીજ સ્વરૂપે વર્ણવાતું નથી. નદીના ગોળ પથ્થરોની જેમ કર્મની સ્થિતિનો પરિભોગ કરતાં કરતાં જ્યારે પણ આયુષ્યકર્મ સિવાયનાં સાત કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમથી ઓછી (અંતઃકોટાકોટી સાગરોપમ) હોય છે; ત્યારે તે આત્માઓ ગ્રંથિદેશને પ્રાપ્ત હોય છે. તે વખતના તેમના આત્મપરિણામને યથાપ્રવૃત્તિ-કરણ કહેવાય છે. આવી સ્થિતિ જીવને આ ભવચક્રમાં અનંતી વાર પ્રાપ્ત થતી હોય છે. જ્યાં એક મિથ્યાત્વ-મોહનીય કર્મની જ ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટાકોટી સાગરોપમની હોય છે, ત્યાં આટલી લઘુભૂત કર્મની સ્થિતિ અનંતી વાર પ્રાપ્ત થવા છતાં આજ સુધી એનો લાભ આપણે લઈ શક્યા નહીં. એનું કારણ આપણી અજ્ઞાનદશા છે. ગ્રંથિદેશે આવ્યા પછી પણ ગ્રંથિને ઓળખવા દૃષ્ટિની આવશ્યકતા હોય છે, જે આ યથાપ્રવૃત્તિકરણના કાળમાં પ્રાપ્ત થતી નથી. આ કાળમાં થનારા પ્રણામાદિ(પંચાઙ્ગ-પ્રણિપાતાદિ) શુદ્ધ હોતા નથી. સંશુદ્ધપ્રણામાદિ જ યોગનાં બીજ છે. અહીં વર્ણવેલા કુશલચિત્તાદિ બધા સમુદાયરૂપે અથવા સ્વતંત્રરૂપે દરેક યોગનાં ઉત્તમોત્તમ બીજ છે. કારણ કે તેના વિષયભૂત શ્રી

જિનેશ્વરદેવો અનુત્તમ(સર્વોત્તમ) છે. તેથી તે પરમતારક પરમાત્માને વિશે કુશલચિત્તાદિ અનુત્તમ બીજ છે... ઈત્યાદિ સમજી શકાય છે.॥૨૧-૮॥

••••○••••○••••

ઉપર જણાવેલા યોગના બીજની પ્રાપ્તિ જ્યારે થાય છે તે સમયને જણાવાય છે-

**चरमे पुद्गलावर्त्ते, तथाभव्यत्वपाकतः ।**
**प्रतिबन्धोज्झितं शुद्धमुपादेयधिया ह्यदः ॥२१-९॥**

''તથાભવ્યત્વના પરિપાકથી છેલ્લા પુદ્ગલાવર્ત કાળમાં ફળની અભિસંધિથી રહિત ઉપાદેયબુદ્ધિથી આ યોગનું બીજ શુદ્ધ મળે છે. (અન્યકાળે કોઈ પણ રીતે આવું શુદ્ધ યોગનું બીજ પ્રાપ્ત થતું નથી.)''-આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે, તથા-ભવ્યત્વ(ભવ્યત્વવિશેષ)ના પરિપાકથી અનાદિકાલીન મિથ્યાત્વની કટુતા દૂર થવાના કારણે સહેજ માધુર્ય આવે છે તેથી છેલ્લા પુદ્ગલપરાવર્ત્તકાળમાં જ શુદ્ધ એવા યોગબીજની પ્રાપ્તિ થાય છે.

એ યોગબીજોની શુદ્ધિ; આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા વગેરે સંજ્ઞાઓનો ઉદય ન હોવાથી આ લોકના કે પરલોકના ફળની અભિસંધિ(ઉત્કટ ઈચ્છા)ના અભાવના કારણે છે. એવી અભિસંધિના કારણે જો યોગનાં બીજોનું ગ્રહણ કરવામાં આવે તો તે યોગનાં બીજો સ્વયં પ્રતિબંધ(સુખનો રાગ વગેરે)ના સારવાળાં બને છે. પ્રતિબંધોથી ઉજ્ઝિત(રહિત) નથી રહેતાં. જે બીજો(યોગબીજો)ના કારણે વસ્તુતઃ પ્રતિબંધથી રહિત

(સર્વથા મુક્ત) બનવાનું છે એ યોગબીજો પોતે જ રાગ વગેરે પ્રતિબંધથી સહિત હોય તો કેવી સ્થિતિ થાય-એ આપણને સમજી શકાય એવું છે. કારણ કે જે પાણીથી કપડાં ધોવાનાં છે, એ પાણી જ જો ગંદું હોય તો કપડાનું શું થાય-એ આપણે બરાબર સમજી શકીએ છીએ. આથી જ આ પ્રતિબંધોથી ઉજ્ઝિત યોગનાં બીજોનું ઉપાદાન ઉપાદેયબુદ્ધિથી અર્થાદ્ એનાથી અન્યને દૂર કરી યોગ-બીજો પ્રત્યેના આદરપૂર્વક થાય છે. આ યોગબીજની આદરણીયતાબુદ્ધિના કારણે તે બીજો શુદ્ધ છે. આ વાતને જણાવતાં યોગદષ્ટિસમુચ્ચયમાં (શ્લોક નં. ૨૫) ફરમાવ્યું છે કે-"અત્યંત ઉપાદેયબુદ્ધિથી, આહારસંજ્ઞાદિ સર્વ સંજ્ઞાઓના ઉદયના અભાવથી યુક્ત અને ભવાંતર્ગત ફળની અભિસંધિથી રહિત એવું યોગબીજોનું આ ઉપાદાન સંશુદ્ધ છે. અર્થાદ્ તેવા પ્રકારનાં તે તે કાલાદિ કારણોની પ્રાપ્તિ થયે છતે તથાસ્વભાવે જેમ ફળનો પાક શરૂ થાય છે, તેમ આ યોગનાં બીજો ફળાનુકૂલ બને છે." - ઈત્યાદિનું અનુસંધાન યોગદષ્ટિસમુચ્ચયથી કરી લેવું જોઈએ.

॥૨૧-૯॥

•••○•••○•••○•••

યોગનાં બીજો પ્રતિબંધોથી રહિત હોય તો શુદ્ધ બને છે-એ જણાવીને હવે તે પ્રતિબંધસહિત હોય તો કેવાં હોય છે : તે જણાવાય છે-

**प्रतिबन्धैकनिष्ठं तु, स्वतः सुंदरमप्यदः ।**
**तत्स्थानस्थितिकार्येव, वीरे गौतमरागवत् ॥२१-१०॥**

"પોતાની આસક્તિમાત્રમાં નિષ્ઠાવાળું આ યોગનું

બીજ સ્વરૂપથી સુંદર હોવા છતાં શ્રી મહાવીરપરમાત્માને વિશેના શ્રી ગૌતમસ્વામીના બહુમાનની જેમ તે સ્થાનમાં જ સ્થિતિને કરાવનારું છે. (આગળના ગુણસ્થાનકે લઈ જતું નથી.)''... આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી જિનેશ્વરદેવોને વિશે કુશલચિત્ત... વગેરે સ્વરૂપ જે યોગનાં બીજ છે તે સરસ છે-બરાબર છે... ઈત્યાદિ સ્વરૂપ તે તે બીજો પ્રત્યેના સ્વાસઙ્ગને પ્રતિબંધ કહેવાય છે. આવા પ્રકારના પ્રતિબંધની નિષ્ઠાવાળું યોગનું બીજ હોવાથી સ્વતઃ સુંદર જ છે પરંતુ એવા બીજથી મુમુક્ષુ જે પહેલા ગુણસ્થાનકાદિ ગુણસ્થાનકે હોય તે ગુણસ્થાનકે જ તેની સ્થિતિ રહે છે. તે વસ્તુને સ્પષ્ટ કરવા ઉદાહરણ તરીકે અહીં શ્રી ગૌતમસ્વામીને વર્ણવ્યા છે.

ભગવાન દેવાધિદેવ શ્રી મહાવીરપરમાત્માની પ્રત્યે શ્રી ગૌતમસ્વામીને બહુમાનગર્ભિત રાગ હતો. પરંતુ તે સ્વરૂપથી સુંદર(પરમાત્મા પ્રત્યેનો રાગ) હોવા છતાં એની વિદ્યમાનતામાં શ્રી ગૌતમસ્વામીને આઠમા ગુણસ્થાનકની પ્રાપ્તિ ન થઈ. ગુણસ્થાનકની સ્થિતિ અને સ્વોત્તરગુણ-સ્થાનકની પ્રાપ્તિ : એ બેમાં ઘણું જ અંતર છે. ઈષ્ટ સ્થાનની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં જેટલું અંતર છે એટલું એ બેમાં અંતર છે. આથી સમજી શકાશે કે 'આ જ સારું છે.'-આવા પ્રકારના આસઙ્ગદોષથી યુક્ત અનુષ્ઠાન ઈષ્ટફળની પ્રાપ્તિનું કારણ બનતું નથી. માત્ર ગુણસ્થાનકની સ્થિતિને ટકાવી રાખે છે. અસઙ્ગસક્તિથી જ અનુષ્ઠાન; ઉત્તરોત્તર પરિણામના પ્રવાહની પ્રત્યે કારણ બનવા દ્વારા અર્થાત્ તાદશ અનુષ્ઠાન તેવા પ્રકારના પરિણામના પ્રવાહને ઉત્પન્ન

કરવા દ્વારા મોક્ષફળની પ્રાપ્તિમાં પર્યવસિત બને છે... આ પ્રમાણે આ પૂર્વે વિસ્તારથી ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે. ॥૨૧-૧૦॥

••••०••••०••••

સામાન્ય રીતે યોગનાં બીજોનું ઉપાદાન ચરમાવર્ત્તકાળમાં શક્ય બને છે તે જણાવીને હવે તે કાળમાં પણ તે ચોક્કસ ક્યારે બને છે તે દષ્ટાંતપૂર્વક જણાવાય છે-

**सरागस्याप्रमत्तस्य, वीतरागदशानिभम् ।**
**अभिन्दन्तोऽप्यदो ग्रंथिं, योगाचार्यैर्यथोदितम् ॥२१-११॥**

"આશય એ છે કે ચરમપુદ્ગલપરાવર્ત્તકાળમાં પણ અનાદિમિથ્યાદષ્ટિ જીવોએ જ્યાં સુધી ગ્રંથિભેદ કર્યો નથી, ત્યાં સુધી મિથ્યાત્વની વિદ્યમાનતા હોવાથી તે કાળમાં પણ શુદ્ધયોગબીજોની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે પ્રશ્નના સમાધાનને શ્લોકથી જણાવાય છે. શ્લોકાર્થ સ્પષ્ટ છે કે, રાગસહિત એવા અપ્રમત્તયતિને(સાધુને) વીતરાગદશા જેમ પ્રાપ્ત થાય છે તેમ ગ્રંથિને ભેદતો ન હોવા છતાં આ યોગનું બીજ ચરમાવર્ત્તકાળમાં તે તે જીવોને પ્રાપ્ત થાય છે.

આ શ્લોકથી જણાવેલી વાતનો આશય એ છે કે ચરમપુદ્ગલાવર્ત્તકાળમાં તથાભવ્યત્વના પરિપાકથી ચરમ (શુદ્ધ) યથાપ્રવૃત્તિ(પ્રવૃત્ત)કરણના સામર્થ્યથી તેવા પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમના કારણે અતિશય આનંદ થતો હોવાથી આ શુદ્ધયોગબીજનું ઉપાદાન, ગ્રંથિભેદ કર્યા વિના પણ થાય છે. રાગસહિત એવા અપ્રમત્ત સાધુમહાત્માને વીતરાગ-દશાની(વીતરાગતુલ્ય દશાની) પ્રાપ્તિ થયે છતે જે નિરતિશય આનંદનો અનુભવ થાય છે, એવો યોગબીજના ઉપાદાન

વખતે મિત્રાદષ્ટિમાં અપૂર્વ એવો કોઈ સ્વાનુભવસિદ્ધ અતિશય પ્રાપ્ત થાય છે. આ વિષયમાં યોગાચાર્યો(આગળના શ્લોકથી જણાવવામાં આવશે તે) કહે છે. ॥૨૧-૧૧॥

••••○••••○••••

યોગાચાર્યોએ જે કહ્યું છે તે જણાવાય છે-

**ईषदुन्मज्जनाभोगो, योगचित्तं भवोदधौ ।**
**तच्छक्त्यतिशयोच्छेदि, दम्भोलिर्ग्रंथिपर्वते ॥२१-१२॥**

"યોગનું ચિત્ત; આ ભવસમુદ્રમાં થોડા ઉપર આવવા માટે આભોગ(માર્ગ-જગ્યા-ઉપાય...) છે-ભવમાં ભ્રમણને અનુકૂળ એવી ભવશક્તિના ઉચ્છેદને કરનારું છે અને ગ્રંથિસ્વરૂપ પર્વતને ભેદવા માટે વજ્ર છે."-આ પ્રમાણે બારમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ યોગનું ચિત્ત અર્થાદ્ યોગના બીજનું ગ્રહણ કરવા અંગેનું જે પ્રણિધાન(ઉત્કટ નિર્ણય) છે તે પ્રણિધાનયુક્ત ચિત્તનું સ્વરૂપ આ શ્લોકથી યોગશાસ્ત્રના જાણકારોના જણાવ્યા મુજબ વર્ણવ્યું છે.

અનાદિકાળથી આત્મા ભવસમુદ્રના તળિયે હોવાથી તેને તારનાર કોઈ પ્રાપ્ત થયો ન હતો. તળિયે બેસેલાની કોઈને ખબર પણ ન પડે. તેઓ બચાવવા માટે બૂમ પણ પાડે તો તે કોઈને પણ સંભળાય નહિ. આવી સ્થિતિમાં ભવસમુદ્રમાં ડૂબેલા આત્માને સહેજ ઉપર આવવા માટેના માર્ગ-ઉપાય સ્વરૂપે આ યોગના બીજના ઉપાદાન સંબંધી પ્રણિધાનવાળા યોગચિત્તની પ્રાપ્તિ થાય છે. એથી એ આત્મા ભવસમુદ્રથી બહાર આવવા પોતાની મેળે થોડી-ઘણી મહેનત કરી શકે તેમ જ બચાવવા માટે બૂમ પણ

પાડી શકે, જેથી તારક સામગ્રીનો ખૂબ જ સરળપણે યોગ પ્રાપ્ત થાય છે.

તેમ જ અત્યાર સુધીના ભવભ્રમણનું એકમાત્ર કારણ રાગાદિથી યુક્ત સઙ્ક્લિષ્ટ ચિત્ત છે. એ સઙ્ક્લેશ જ ભવની શક્તિ છે. એનો ઉચ્છેદ-નાશ આ યોગનું ચિત્ત કરે છે. રાગદ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિ છે. અત્યાર સુધી એને ભેદવાનું શક્ય બન્યું ન હોવાથી એ આત્મપરિણામ (ગ્રંથિ) પર્વતજેવો દુર્ભેદ છે. જેને ભેદવા માટે તાદશ પરિણામવાળું(પ્રણિધાનવાળું) યોગનું ચિત્ત વજ્રજેવું છે... એ પ્રમાણે યોગાચાર્યોએ કહ્યું છે. આ પ્રમાણે યોગના બીજના ઉપાદાન સંબંધી પ્રણિધાનથી યુક્ત ચિત્ત, મોક્ષ-સ્વરૂપ ફળના પાકના આરંભ જેવું છે અર્થાદ્ એથી ભવિષ્યમાં ચોક્કસ જ મોક્ષની પ્રાપ્તિ થશે-એ પ્રમાણે આગમના જાણકારો કહે છે... ઈત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું જોઈએ. ॥૨૧-૧૨॥

••••○••••○••••○•••

શ્રી જિનેશ્વરદેવોને વિશે કુશલ ચિત્ત... વગેરે ઉપર જણાવેલાં જ યોગનાં બીજ છે... એવું નથી; તેનાથી અન્ય પણ છે-તે જણાવાય છે-

**आचार्यादिष्वपि ह्येतद्, विशुद्धं भावयोगिषु ।**
**न चान्येष्वप्यसारत्वात्, कूटेऽकूटधियोऽपि हि ॥२१-१३॥**

"ભાવયોગી-પૂ. આચાર્યભગવંતાદિને વિશે પણ આ કુશલ ચિત્ત વગેરે સંશુદ્ધ છે; બીજાને વિશે તે વિશુદ્ધ નથી; કારણ કે જે કૂટસ્વરૂપ (ખોટા-આભાસાદિ સ્વરૂપ) છે તેમનામાં અકૂટપણાની બુદ્ધિ અસાર છે."-આ પ્રમાણે

તેરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે શ્રી જિનેશ્વરદેવોને વિશે જેમ કુશલ ચિત્તાદિ(નમસ્કાર-પંચાઙ્ગ પ્રણામાદિ) વિશુદ્ધ યોગબીજ છે તેમ ભાવયોગીસ્વરૂપ અર્થાત્ તાત્ત્વિક રીતે ગુણોને ધરનારા એવા પૂ. આચાર્યભગવંતો પૂ. ઉપાધ્યાયભગવંતો અને પૂ. તપસ્વી મહાત્માઓ વગેરેને વિશે પણ જે કુશલ ચિત્તાદિ છે તે પણ વિશુદ્ધ એવાં યોગબીજ છે.

પરંતુ ભાવયોગી એવા આચાર્યભગવંતાદિને છોડીને બીજા જે દ્રવ્યાચાર્યાદિ છે તેમને વિશે કુશલચિત્તાદિ યોગબીજ નથી. જે ભાવથી રહિત અને તાત્ત્વિક ગુણોથી રહિત છે તેમને ભાવયોગી માનીને તેમને વિશે કુશલચિત્તાદિ ધારણ કરવાનું ઉચિત નથી. કારણ કે કૂટમાં અકૂટત્વની બુદ્ધિ સુંદર નથી. અસાર બુદ્ધિથી ધારણ કરેલા કુશલ-ચિત્તાદિમાં સદ્યોગબીજત્વ અનુપપન્ન છે-એ સમજી શકાય છે. ॥૨૧-૧૩॥

•••०•••०•••०•••

પૂ. આચાર્યાદિ ભગવંતોને વિશે કુશલ ચિત્તાદિ સ્વરૂપ યોગનાં બીજોથી અતિરિક્ત યોગનાં બીજો જણાવાય છે-

**श्लाघनाद्यसदाशंसापरिहारपुरःसरम् ।**
**वैयावृत्त्यं च विधिना, तेष्वाशयविशेषतः ॥२१-१४॥**

"ભાવયોગી એવા પૂ. આચાર્ય ભગવંતાદિને વિશે ચિત્તના ઉત્સાહવિશેષથી; શ્લાઘાદિની ખરાબ આશંસાનો ત્યાગ કરવા પૂર્વક વિધિ અનુસાર જે વૈયાવૃત્ત્ય કરાય છે તે યોગબીજ છે."-આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે ભાવયોગીસ્વરૂપ પૂ. આચાર્ય

ભગવંતાદિનું વૈયાવૃત્ય કરવું : એ યોગબીજ છે. વૈયાવૃત્ત્ય કરતી વખતે, પોતાની કીર્ત્તિ કે યશ બધે ફેલાય : એવી જે અસદ્-ખરાબ ઈચ્છા છે તેનો ત્યાગ કરવો જોઈએ. અર્થાદ્ એ ત્યાગની મુખ્યતાએ વૈયાવૃત્ત્ય કરવું જોઈએ. આવું વૈયાવૃત્ત્ય વિધિપૂર્વક અર્થાત્ શાસ્ત્રમાં જણાવ્યા મુજબ યથાસમયે પુરુષાદિને આશ્રયીને કરવું. અર્થાત્ પ્રથમ પૂ. આચાર્યભગવંતનું ત્યાર બાદ પૂ. ઉપાધ્યાયભગવંતાદિનું વૈયાવૃત્ત્ય કરવું... ઈત્યાદિ શાસ્ત્રમાં જણાવેલ વિધિપૂર્વક વૈયાવૃત્ત્ય કરવું. પૂ. આચાર્યભગવંતાદિને, પોતાનાં બીજાં બધાં કામ પડતાં મૂકીને તેઓશ્રીના કામમાં જ ચિત્તનો ઉપયોગ રાખી આહાર લાવી આપવાદિ સ્વરૂપ વૈયા-વૃત્ત્ય છે.

આ વૈયાવૃત્ત્ય, ચિત્તના અત્યંત ઉત્સાહ સ્વરૂપ આશયવિશેષથી કરવું. ના છૂટકે, જેમ-તેમ, કે ન કરીએ તો ખરાબ લાગશે... ઈત્યાદિ પરિણામથી ન કરવું. અન્યથા તે યોગબીજસ્વરૂપ પરિણમશે નહિ. આથી સમજી શકાશે કે વૈયાવૃત્ત્ય-એ નવી વસ્તુ નથી. વર્ષોથી આપણે એ કરી જ રહ્યા છીએ. પરંતુ યોગબીજસ્વરૂપ વૈયાવૃત્ત્ય ખૂબ જ અઘરું છે. પૂ. આચાર્યભગવંતાદિ ભાવયોગીઓ પ્રત્યે બહુમાનાતિશય પ્રગટે, ત્યારે જ આ યોગબીજની પ્રાપ્તિ થઈ શકશે. આ જગતમાં પૂ. આચાર્યભગવંતાદિ ભાવ-યોગીઓ કરતાં કોઈ જ અધિક નથી- એની પ્રતીતિ જ તાદશ બહુમાનાતિશયને જાળવી રાખે છે. જે દિવસે પણ એ ભાવયોગીઓ કરતાં આ જગતમાં કોઈ પણ માણસ કોઈ પણ રીતે શ્રેષ્ઠ જણાશે તે દિવસે પૂ. આચાર્ય-ભગવંતાદિ પ્રત્યે બહુમાન નષ્ટ થશે અને તેથી તેનાથી

રહિત વૈયાવૃત્ત્ય પણ યોગબીજ નહિ બને... એ સ્પષ્ટ છે. ॥૨૧-૧૪॥

••••○••••○••••

યોગના બીજાંતરને જ જણાવાય છે-

**भवादुद्विग्नता शुद्धौषधदानाद्यभिग्रहः ।**
**तथा सिद्धांतमाश्रित्य, विधिना लेखनादि च ॥२१-१५॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે "ભવોદ્વેગ, શુદ્ધ ઔષધાદિ પ્રદાનનો અભિગ્રહ અને વિધિપૂર્વક સિદ્ધાંતને આશ્રયીને લેખન વગેરે કરવું..."-એ યોગનાં બીજ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, અનંતોપકારી શ્રી તીર્થંકરપરમાત્માદિએ આ સંસારને અનંત દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક વર્ણવ્યો છે. ભૂતકાળનાં શુભાશુભ કર્મના યોગે ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની પ્રાપ્તિ થયા જ કરતી હોય છે. પરંતુ કોઈ કોઈ વાર ઈષ્ટવિયોગાદિના કારણે આ સંસાર પ્રત્યે ઉદ્વેગ આવતો હોય છે. ઈષ્ટવિયોગાદિનિમિત્તક આ ભવોદ્વેગને છોડીને જેમાં ઈષ્ટવિયોગાદિ નિમિત્તભૂત નથી એવો સહજ રીતે (સંસારની અસારતાને સમજીને) ભવના ત્યાગની ઈચ્છા સ્વરૂપ જે ભવોદ્વેગ છે : તે યોગનું બીજ છે.

નિર્દોષ-શુદ્ધ એવા ઔષધાદિ(આહાર વસ્ત્ર પાત્રાદિ) આપવા અંગે દ્રવ્યથી અભિગ્રહ કરવો... એ યોગનું બીજ છે. આ મિત્રાદષ્ટિમાં ગ્રંથિભેદ થયો ન હોવાથી મોહનીય-કર્મનો ક્ષયોપશમવિશેષ પ્રાપ્ત થયેલો નથી. તેથી તે સ્વરૂપ ભાવાભિગ્રહનો અહીં સંભવ નથી. તોપણ ભાવના કારણ-ભૂત શુદ્ધ દ્રવ્યને આશ્રયીને અહીં અભિગ્રહ હોય છે.

અર્થાદ્ અહીં પ્રધાન દ્રવ્યનિક્ષેપાને આશ્રયીને ઔષધાદિ પ્રદાનના વિષયમાં અભિગ્રહ(નિયમ) હોય છે.

ઋષિઓએ ઉપદેશેલા વચનને સિદ્ધાંત કહેવાય છે, તેને આશ્રયીને પરંતુ કામશાસ્ત્ર કે અર્થશાસ્ત્રાદિને આશ્રયીને નહિ, જે લેખનાદિ છે તે યોગનું બીજ છે. આ લેખનાદિ પણ ન્યાયથી ઉપાર્જન કરેલા ધનના સત્પ્રયોગ(વાપરવા) દ્વારા તેમ જ ભક્તિ-બહુમાનાદિપૂર્વક વિધિથી કરવું જોઈએ. અન્યથા અવિધિપૂર્વક કરેલ લેખનાદિ સિદ્ધાંતને આશ્રયીને પણ હોય તોય તે યોગનું બીજ નથી... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. યોગમાર્ગની આરાધના કરવાની ભાવનાવાળાએ અવિધિની ભયંકરતા બરાબર યાદ રાખવી જોઈએ. ॥૨૧-૧૫॥

♦♦♦○♦♦♦♦○♦♦♦♦○♦♦♦

લેખનાદિ યોગબીજ છે. ત્યાં લેખનાદિ પદાર્થને જણાવાય છે-

**लेखना पूजना दानं, श्रवणं वाचनोद्ग्रहः ।**
**प्रकाशनाथ स्वाध्यायश्चिन्तना भावनेति च ॥२१-१६॥**

"લખવું(લખાવવું); પૂજા કરવી; પુસ્તકનું પ્રદાન કરવું; ગ્રંથનું શ્રવણ કરવું; વાચના લેવી; બીજાને જણાવવું; સ્વાધ્યાય કરવો; અર્થનું ચિંતન કરવું અને ભાવના કરવી : આ યોગનાં બીજ છે."-આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઋષિ-મહર્ષિએ પ્રરૂપેલા સિદ્ધાંતને સારાં પુસ્તકોમાં લખવા અને લખાવવાને 'લેખના' કહેવાય છે. એ પુસ્તકોની પુષ્પ-વસ્ત્ર વગેરેથી પૂજા કરવા સ્વરૂપ 'પૂજના' છે. પૂ. ગુરુભગવંતને જરૂર પડ્યે પુસ્તક...

વગેરે (અધ્યયનાદિ માટેનાં સાધન) આપવા સ્વરૂપ 'દાન' છે. પૂ. ગુરુભગવંત પાસે વ્યાખ્યાનનું શ્રવણ કરવા સ્વરૂપ શ્રવણ છે.

સ્વયં વ્યાખ્યાનની વાચના લેવી, વિધિપૂર્વક તેનું ગ્રહણ કરવું અને ભવ્ય જીવોને વિશે ગ્રહણ કરેલા તે તે પદાર્થને જણાવવા... તેને અનુક્રમે 'વાચના', 'ઉદ્ગ્રહ' અને 'પ્રકાશના' કહેવાય છે. વ્યાખ્યાનગ્રંથની વાચના વગેરે સ્વાધ્યાય પ્રસિદ્ધ છે. ગ્રંથના અર્થને આશ્રયીને વ્યાખ્યાનની જ ચિંતના અહીં 'ચિંતના' છે. અને વારંવાર તે વિષયની જ પરિભાવનાને ભાવના કહેવાય છે. આ રીતે લેખના પૂજના દાન શ્રવણ વાચના ઉદ્ગ્રહ પ્રકાશના સ્વાધ્યાય ચિંતના અને ભાવના યોગબીજ છે, જે આ પૂર્વે 'લેખનાદિ' પદથી સૂચવ્યાં હતાં. ॥૨૧-૧૬॥

••••○••••○••••

અવાંતર યોગબીજો જ જણાવાય છે-

**बीजश्रुतौ परा श्रद्धांतर्विश्रोतसिकाव्ययात् ।**
**तदुपादेयभावश्च, फलौत्सुक्यं विनाधिकः ॥२१-१७॥**

''ચિત્તની આશઙ્કા દૂર થવાથી યોગનાં બીજો સાંભળવામાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા જન્મે છે અને અભ્યુદયાદિ ફળના ઔત્સુકય વિના યોગબીજશ્રવણમાં અધિક ઉપાદેયભાવ આવે છે. એ શ્રદ્ધા અને ઉપાદેયભાવ યોગબીજ છે.''-આ પ્રમાણે સત્તરમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે ઉપર જણાવેલાં યોગબીજોનું શ્રવણ કરવાથી મિત્રાદષ્ટિમાં યોગીનું અજ્ઞાન દૂર થતું જાય છે. તેને લઈને ચિત્તની આશઙ્કાઓ પણ દૂર

થવાથી 'આ, આ પ્રમાણે જ છે.'... ઈત્યાદિ સ્વરૂપે યોગબીજની પ્રતિપત્તિ (અભ્યુપગમ-સ્વીકાર) સ્વરૂપ ઉત્કૃષ્ટ એવી શ્રદ્ધા જાગે છે. મનની શઙ્કા દૂર થવાથી શ્રદ્ધા મજબૂત બને-એ સમજી શકાય છે. મનની શઙ્કા જ શ્રદ્ધાને વિચલિત અને મલિન બનાવે છે. નિશ્ચલ અને નિર્મળ એવી શ્રદ્ધા યોગનું બીજ છે.

યોગબીજના શ્રવણનો અત્યંત આદરભાવ : એ યોગનું બીજ છે. મિત્રાદષ્ટિમાં બીજશ્રુતિમાં જે પરમ ઉપાદેયભાવ-આદરભાવ હોય છે, એનું કારણ એ છે કે ત્યાં ફળની ઉત્સુકતા હોતી નથી. ગ્રંથકારશ્રીએ તેનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે અભ્યુદય(આ લોકમાં માન-સન્માનાદિ)ની આશંસા અને ઉતાવળ(ત્વરા) સ્વરૂપ ફલૌત્સુક્ય છે. આ લોક સંબંધી કોઈ પણ ફળની ઈચ્છા; ઔત્સુક્યસ્વરૂપ હોય એ સમજી શકાય છે. તેમ જ કાર્ય કરતી વખતની ત્વરા-ઉતાવળ પણ ફળની ઉત્સુકતાને જણાવનારી હોય છે. આવા પ્રકારની ફલોત્સુકતા અહીં ન હોવાથી ખૂબ જ સ્વસ્થચિત્તે મિત્રાદષ્ટિમાં બીજશ્રુતિ, પરમ આદરપૂર્વક થાય છે. એ પણ યોગનું બીજ છે... ઈત્યાદિ બરાબર વિચારવું. ||૨૧-૧૭||

•••○•••○•••○•••

મિત્રાદષ્ટિના યોગીને જે ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે-

**निमित्तं सत्प्रणामादे, र्भद्रमूर्त्तेरमुष्य च ।**
**शुभो निमित्तसंयोगोऽवञ्चकोदयतो मतः ॥२१-१८॥**

"કલ્યાણકારી જેનું સ્વરૂપ છે, એવા આ યોગીને

સત્પ્રણામાદિના નિમિત્તભૂત પ્રશસ્ત સદ્યોગોનો સંયોગ; અવઞ્ચકયોગના ઉદયના કારણે પ્રાપ્ત થાય છે.''-આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે જેમનું સ્વરૂપ વર્ણવ્યું છે, એ મિત્રાદષ્ટિના યોગીઓ ભદ્રમૂર્ત્તિ અર્થાદ્ જોતાંની સાથે પ્રિય બનનારા એવા પ્રિયદર્શનવાળા છે. સત્પ્રણામાદિસ્વરૂપ યોગનાં બીજોને પ્રાપ્ત કર્યા પછી તેના કારણભૂત સદ્યોગાદિના સંબંધને તેઓ પ્રાપ્ત કરે છે.

મોક્ષનાં સાધનોની પ્રાપ્તિમાં સદ્યોગાદિ જ નિમિત્ત છે. અને એ સદ્યોગ અને એના આશ્રયભૂત સદ્યોગીઓના કારણે આત્મા સત્પ્રણામાદિને કરી શકે છે. મુમુક્ષુ આત્માઓને આ સદ્યોગાદિ સ્વરૂપ નિમિત્તનો સંયોગ પ્રશસ્તરૂપ બને છે અને તેની પ્રાપ્તિ અવઞ્ચકયોગના આવિર્ભાવથી થાય છે. સમાધિવિશેષસ્વરૂપ એ યોગનું વર્ણન હવે પછી કરવામાં આવશે. સત્પ્રણામાદિ (શુદ્ધપ્રણામાદિ) યોગનાં બીજ છે. એ કરવા માટે સદ્યોગાદિનો સંયોગ(સંબંધ) આવશ્યક છે અને તે અવઞ્ચક યોગના આવિર્ભાવથી પ્રાપ્ત થાય છે... ઈત્યાદિ યાદ રાખવું. ||૨૧-૧૮||

•••○•••○•••○•••

અવઞ્ચકયોગનું સ્વરૂપાદિ જણાવાય છે-

**योगक्रियाफलाख्यं च, साधुभ्योऽवञ्चकत्रयम् ।**
**श्रुतः समाधिरव्यक्त, इषुलक्ष्यक्रियोपमः ॥२१-१९॥**

''સાધુમહાત્માને આશ્રયીને, અનુક્રમે યોગ ક્રિયા અને ફળ નામવાળા ત્રણ અવઞ્ચકયોગ; બાણની લક્ષ્ય વીંધવાની ક્રિયા જેવા; અવ્યક્ત સમાધિ સ્વરૂપે પ્રસિદ્ધ છે.''-આ

પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગાવઞ્ચક; ક્રિયાવઞ્ચક અને ફલાવઞ્ચક : આ ત્રણ પ્રકારનો અવઞ્ચક યોગ છે. યોગાદિને આશ્રયીને જેનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે તેને યોગાવઞ્ચકાદિ યોગ કહેવાય છે.

સામાન્ય રીતે યોગ, ક્રિયા અને ફળ આ સંસારમાં આપણે પામતા જ હોઈએ છીએ. પરંતુ તે સાધુને આશ્રયીને ન હોવાથી અવઞ્ચકયોગની પ્રાપ્તિ થતી નથી. યોગ સાધુ મહાત્માનો થવો જોઈએ. વંદનાદિ ક્રિયા તેઓશ્રીની પ્રત્યે થવી જોઈએ અને તે ક્રિયાનું ફળ પણ અવશ્ય પ્રાપ્ત થવું જોઈએ. ધર્મક્રિયા કરવાનું મન થાય ત્યારે પૂ. સાધુ મહાત્માનો યોગ જ ન મળે. એવો યોગ મળે તો ગમે તે કારણે તેઓશ્રીને વંદનાદિ ન કરીએ અને કોઈ વાર કરીએ તો જેમ-તેમ કરીએ... ઈત્યાદિ કારણે વિવક્ષિત ફળથી વંચિત રહીએ-આવો અનુભવ તો આપણને પૂરતા પ્રમાણમાં છે, જેના મૂળમાં અવઞ્ચકયોગના ઉદયનો અભાવ છે.

મિત્રાદષ્ટિમાં એવું બનતું નથી. સહજપણે તેમને સદ્ગુરુનો યોગ વગેરેની પ્રાપ્તિ થાય છે. એનું કારણ અવઞ્ચક યોગનો ઉદય(આવિર્ભાવ) છે. આને જ અવ્યકતસમાધિ કહેવાય છે. અવ્યકતસમાધિના અધિકારમાં તેનો પાઠ હોવાથી આ ત્રણ અવઞ્ચકયોગ; અવ્યકતસમાધિ તરીકે પ્રસિદ્ધ છે.

બાણના લક્ષ્યની ક્રિયા જેવો અવિસંવાદી અવઞ્ચક યોગ છે. બાણ જેવી રીતે ચોક્કસ જ લક્ષ્ય વીંધે છે, અન્યથા લક્ષ્ય વીંધાય જ નહિ તો તે બાણની ક્રિયા ગણાય જ નહિ તેમ સદ્યોગાવઞ્ચકાદિ યોગ પણ સદ્ગુરુ-

યોગાદિને અવશ્ય પ્રાપ્ત કરાવનાર હોવાથી અવિસંવાદી જ છે... ઈત્યાદિ અન્યત્રથી સમજી લેવું જોઈએ. ॥૨૧-૧૯॥

♦♦♦○♦♦♦○♦♦♦○♦♦♦

સત્પ્રણામાદિનું અંતરઙ્ગ જે કારણ છે, તે જણાવાય છે-

**हेतुरत्रान्तरङ्गश्च, तथा भावमलाल्पता ।**
**ज्योत्स्नादाविव रत्नादिमलापगम उच्यते ॥२१-२०॥**

"આશય એ છે કે સત્પ્રણામાદિનું નિમિત્ત; અવઞ્ચક યોગના આવિર્ભાવથી પ્રાપ્ત થનાર સદ્યોગાદિ છે, તે બાહ્ય કારણ છે. પરંતુ અવઞ્ચકયોગ આત્મપરિણામસ્વરૂપ હોવાથી તેના ફળ સ્વરૂપે પ્રાપ્ત થનાર આત્મપરિણામ કયો છે કે જે સત્પ્રણામાદિનું અંતરઙ્ગ નિમિત્ત છે... આ પ્રશ્નનું સમાધાન આ વીસમા શ્લોકથી કરાય છે.

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે આ સત્પ્રણામાદિમાં અંતરઙ્ગ-મુખ્ય હેતુ; ભાવમલ અર્થાત્ કર્મના સંબંધ માટેની યોગ્યતા સ્વરૂપ ભાવમલની અલ્પતા છે. રત્નના મલનો અપગમ થવાથી જેમ રત્નની કાંતિ પ્રગટે છે તેમ અહીં પણ કર્મબંધ માટેની યોગ્યતાનો હ્રાસ થવાથી સત્પ્રણામાદિ સ્વરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. રત્નની કાંતિને પ્રગટ કરવા જેમ ક્ષાર આપીને અગ્નિનો તાપ આપવો પડે છે. તેમ અહીં પણ મૃત્પુટપાકાદિતુલ્ય સદ્યોગાદિ સત્પ્રણામાદિની પ્રત્યે નિમિત્તરૂપે જ ઉપયોગી બને છે. જ્યાં સુધી મળનો વિગમ થાય નહિ ત્યાં સુધી સ્વભાવસિદ્ધ કાંતિનો આવિર્ભાવ નહીં થાય- એ સમજી શકાય છે... બાહ્ય નિમિત્તો પણ અંતરઙ્ગ મળના પ્રક્ષાલન દ્વારા જ સ્વભાવના આવિર્ભાવ

માટે ઉપયોગી બને છે, અન્યથા બાહ્ય નિમિત્તોનો ખાસ કોઈ ઉપયોગ રહેતો નથી. ॥૨૧-૨૦॥

••••○••••○••••

ઉપર જણાવેલ અંતરઙ્ગ હેતુના સમર્થન માટે વ્યતિરેક-મુખે જણાવાય છે. અર્થાદ્ હેતુની ઉપસ્થિતિમાં કાર્યનું સત્ત્વ જણાવીને હવે કાર્યના અભાવમાં તે હેતુનો અભાવ છે-એ જણાવાય છે-

**सत्सु सत्त्वधियं हन्त, मले तीव्रे लभेत कः ।**
**अङ्गुल्या न स्पृशेत् पङ्गुः, शाखां सुमहतस्तरोः ॥२१-२१॥**

"શ્લોકાર્થ ખૂબ જ સ્પષ્ટ છે કે કર્મબંધની યોગ્યતા સ્વરૂપ મળ તીવ્ર હોય તો સાધુઓને વિશે સાધુત્વબુદ્ધિ કોણ પ્રાપ્ત કરે ? કારણ કે તાદશ બુદ્ધિના લાભ માટેની શક્તિ તીવ્રમલની વિદ્યમાનતામાં હોતી નથી. તેથી તે વખતે કોઈને પણ એવી બુદ્ધિનો લાભ થાય નહીં. આ વાતનું સમર્થન કરતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી દૃષ્ટાંતનો ઉપન્યાસ કર્યો છે.

સુવિશાલ(અતિશય ઉન્નત) વૃક્ષની શાખાને કોઈ પાંગળો માણસ પોતાની આંગળીથી સ્પર્શી નહીં કરે. કારણ કે તે શાખા સુધી પહોંચવા માટે જે ઊંચાઈ જોઈએ તે પઙ્ગુમાં નથી. અથવા વૃક્ષ ઉપર ચઢવા માટેની શક્તિ પઙ્ગુમાં નથી. વૃક્ષ નાનું હોય, તેના થડને અડકવું હોય, અથવા તેની શાખાને લાકડી વગેરેથી અડકવું હોય તો હજી પઙ્ગુ માણસ માટે એ કથઞ્ચિદ્ શક્ય છે. પરંતુ સુમહાન વૃક્ષની શાખાને પોતાની આંગળીથી અડકવાનું હોય તો કોઈ પણ રીતે એ પઙ્ગુ માણસ માટે તો શક્ય નથી. આવી જ રીતે

પ્રકૃતમાં(ચાલુ વિષયમાં) પણ સમજી લેવું જોઈએ. કર્મબંધની યોગ્યતા સ્વરૂપ મલની તીવ્રતા હોય તો કોઈને પણ કોઈ પણ રીતે સાધુમહાત્માને વિશે સાધુત્વની બુદ્ધિ નહીં થાય... ઈત્યાદિ સ્પષ્ટ છે. ||૨૧-૨૧||

••••०••••०••••०••••

અધિકૃત વસ્તુના સમર્થન માટે અન્વયની પ્રધાનતાએ દૃષ્ટાંત જણાવાય છે-

**वीक्ष्यते स्वल्परोगस्य, चेष्टा चेष्टार्थसिद्धये ।**
**स्वल्पकर्ममलस्यापि, तथा प्रकृतकर्मणि ॥२१-२२॥**

આ પૂર્વે એકવીસમા શ્લોકથી એ સમજાવ્યું કે તીવ્રમલ હોય તો સાધુઓને વિશે સાધુપણાની બુદ્ધિ નહીં જ થાય. હવે આ શ્લોકથી સ્વલ્પમલ હોય તો યોગબીજનું ઉપાદાન થઈ શકે છે : એ અન્વયદષ્ટાંતથી જણાવાય છે. ‘‘સ્વલ્પ-રોગવાળા માણસની ચેષ્ટા ઈષ્ટાર્થની સિદ્ધિ માટે થાય છે : એમ જોવા મળે છે-તેમ સ્વલ્પકર્મમલ હોતે છતે પ્રકૃતકર્મમાં પણ સમજવું.’’-આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે.

આશય એ છે કે જેઓ સર્વથા રોગરહિત ન હોય પણ મંદવ્યાધિવાળા હોય તો ય તેઓની રાજાની નોકરી વગેરે કરવા સ્વરૂપ ચેષ્ટા, પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરવા સ્વરૂપ ઈષ્ટની સિદ્ધિ માટે થાય છે. પરંતુ તીવ્રરોગીની જેમ પ્રત્યપાય માટે થતી નથી. તીવ્રરોગવાળા માણસો નોકરી-ધંધે જાય તો ઉપરથી પોતાનું આરોગ્ય વધારે બગડવાથી પોતાના કુટુંબના ભરણ-પોષણની વાત તો દૂર રહી પરંતુ પોતાની સારવાર કરાવવાનો જ પ્રસંગ આવે.

સર્વથા રોગરહિત હોય તો તો સારું જ છે. પરંતુ એવું તો બધાને માટે ન જ બને. એથી અલ્પવ્યાધિવાળાની ચેષ્ટા પ્રત્યપાયનું કારણ બન્યા વિના જેમ ઈષ્ટસિદ્ધિનું કારણ બને છે. તેમ અહીં પણ જેઓ અલ્પકર્મમલ-(કર્મબંધ-યોગ્યતાસ્વરૂપ મલ)વાળા જીવો યોગબીજોના ગ્રહણ સ્વરૂપ કર્મ(કાર્ય) માટે યોગ્ય છે. તેઓની એ પ્રવૃત્તિ ઈષ્ટસિદ્ધિ માટે થાય છે. અલ્પકર્મમલવાળા આત્માઓ જ પોતે સ્વીકારેલાં યોગબીજોનો નિર્વાહ કરવા માટે સમર્થ બને છે... ઈત્યાદિ વિચારવું. ॥૨૧-૨૨॥

•••○•••○•••○•••

ઉપર જણાવ્યા મુજબની યોગબીજોપાદાનાદિની બધી અવસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે; તે જણાવાય છે-

**यथाप्रवृत्तकरणे, चरमे चेदृशी स्थितिः ।**
**तत्त्वतोऽपूर्वमेवेदमपूर्वासत्तितो विदुः ॥२१-२३॥**

"આવા પ્રકારની સ્થિતિ છેલ્લા 'યથાપ્રવૃત્તિ-કરણ'ના કાળમાં હોય છે. અપૂર્વકરણની નિકટમાં હોવાથી વાસ્તવિક રીતે આ ચરમયથાપ્રવૃત્તિકરણ; અપૂર્વ છે-આ પ્રમાણે યોગના જાણકારો જાણે છે."-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે, આવા પ્રકારની અવસ્થા અર્થાદ્ યોગનાં બીજોનાં ગ્રહણમાં નિમિત્તભૂત અને જીવની કર્માલ્પતાની નિયામક એવી આ અવસ્થા ભવના છેડે થનાર છેલ્લા યથાપ્રવૃત્તકરણના કાળ દરમ્યાન હોય છે. ચરમયથાપ્રવૃત્તકરણ (શુદ્ધયથાપ્રવૃત્તકરણ); આત્માનો પરિણામવિશેષ છે. ગ્રંથિને ઓળખવાનું અહીં શક્ય બને છે. આત્માની આ અવસ્થા-સ્થિતિ, સ્વભાવ-

વ્યવસ્થાસ્વરૂપ છે. સર્વથા કર્મરહિત શુદ્ધ સ્વરૂપ આત્માનો સ્વભાવ કર્માલ્પતાના કારણે અંશતઃ આવિર્ભૂત થતો હોય છે.

આ ચરમ યથાપ્રવૃત્તિકરણ અપૂર્વકરણની નિકટ હોય છે. તેથી ચોક્કસ ફળપ્રદ બને છે. અર્થાદ્ તેથી ફળની પ્રત્યે વ્યભિચાર આવતો નથી. આથી જ આ છેલ્લા યથાપ્રવૃત્ત-કરણને યોગના જાણકારો અપૂર્વ જ તરીકે જાણે છે. આ વિષયમાં યોગદષ્ટિસમુચ્ચયના શ્લોક નં. ૩૯ થી ફરમાવ્યું છે કે-'અપૂર્વકરણની નિકટ હોવાથી વ્યભિચારનો અભાવ થવાના કારણે; આ છેલ્લું યથાપ્રવૃત્તકરણ તાત્ત્વિક રીતે અપૂર્વ છે-એ પ્રમાણે યોગના જાણકારો કહે છે.' ॥૨૧-૨૩॥

•••○•••○•••○•••

અનાદિકાળથી જીવને જે પ્રથમગુણસ્થાનકની પ્રાપ્તિ હતી-તે તો નામમાત્રથી જ હતી. પરંતુ હવે આ મિત્રા દૃષ્ટિમાં જે પ્રથમ ગુણસ્થાનક છે, તે તેના અર્થને અનુકૂળ છે-એ જણાવાય છે-

**प्रवर्त्तते गुणस्थानपदं मिथ्यादृशीह यत् ।**
**अन्वर्थयोजना नूनमस्यां तस्योपपद्यते ॥२१-२४॥**

''જે અહીં મિથ્યાદષ્ટિને વિશે 'ગુણસ્થાનક' પદની પ્રવૃત્તિ થાય છે, તેના અર્થની સઙ્ગતિ આ મિત્રાદષ્ટિમાં ચોક્કસપણે ઉપપન્ન બને છે.''-આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી જિનેશ્વરદેવોના પ્રવચનમાં, પ્રથમ ગુણસ્થાનક મિથ્યાદષ્ટિ આત્માને હોય છે. આ રીતે મિથ્યાદષ્ટિ આત્મામાં 'પ્રથમ

ગુણસ્થાનક' પદનો પ્રયોગ(વ્યવહાર) કરાય છે. એ પદના અર્થને મિથ્યાદષ્ટિ આત્મામાં ઘટાવવાનું મિત્રાદષ્ટિની અવસ્થામાં જ શક્ય બને છે. કારણ કે એ અવસ્થામાં સત્પ્રણામાદિ સ્વરૂપ યોગબીજોને ગ્રહણ કરવા સ્વરૂપ ગુણોના ભાજન, તે આત્માઓ બને છે. તેથી 'ગુણસ્થાનક' શબ્દનો અર્થ ત્યારે જ પ્રાપ્ત થાય છે. એ પૂર્વે તો 'ગુણસ્થાનક' પદનો પ્રયોગ થતો હતો પરંતુ ત્યારે મિથ્યાદષ્ટિમાં ગુણ ન હતા. અર્થાદ્ એ વખતે અર્થનિરપેક્ષ-(અન્વર્થરહિતપણે) જ મિથ્યાદષ્ટિ આત્મામાં 'ગુણસ્થાનક' પદનો પ્રયોગ કરાતો હતો. તેથી ત્યાં અન્વર્થયોજના અનુપપન્ન હતી.

ઉપર જણાવેલી વિગત જણાવતાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ યોગદષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૪૦) ફરમાવ્યું છે કે-મિથ્યાદષ્ટિ નામનું જે પ્રથમ ગુણસ્થાનક છે તે સામાન્યથી જ આગમમાં વર્ણવ્યું છે. મિત્રાદષ્ટિની તો તે અવસ્થામાં(મિથ્યાત્વાવસ્થામાં) પ્રથમગુણસ્થાનકપણું મુખ્ય-ઉપચારરહિતપણે હોય છે. કારણ કે આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ સત્પ્રણામાદિ યોગબીજો સ્વરૂપ ગુણો હોવાથી 'ગુણસ્થાનક' પદના અર્થનું અનુસરણ છે. અર્થાદ્ **गुणानां स्थानमिति गुणस्थानम्** (ગુણોનું સ્થાન-એ ગુણસ્થાન)-આ વ્યુત્પત્ત્યર્થ ઘટે છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ||૨૧-૨૪||

•••○•••○•••○•••

પ્રકારાંતરથી ઉક્ત વસ્તુનું જ સમર્થન કરાય છે-

**व्यक्तमिथ्यात्वधीप्राप्तिरप्यन्यत्रेयमुच्यते ।**
**घने मले विशेषस्तु, व्यक्ताव्यक्तधियो र्नु कः ॥२१-२५॥**

"બીજા ગ્રંથમાં 'પ્રથમ ગુણસ્થાનક' પદના વ્યવહારનું (પ્રવૃત્તિનું) નિમિત્ત તરીકે વ્યકત મિથ્યાત્વની બુદ્ધિને જણાવાય છે. તે વસ્તુતઃ આ મિત્રાદષ્ટિ જ છે. કારણ કે તીવ્ર મળ હોય તો વ્યક્ત મિથ્યાત્વબુદ્ધિ અને અવ્યક્ત મિથ્યાત્વબુદ્ધિ એ બેમાં ક્યો વિશેષ છે ? (અર્થાત્ કોઈ વિશેષ નથી)-" આ પ્રમાણે પચીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મિત્રાદષ્ટિમાં કર્મની અલ્પતા હોવાથી તેને લઈને ત્યાં મિથ્યાદષ્ટિગુણસ્થાને 'પ્રથમ-ગુણસ્થાન' પદનો મુખ્ય-ઉપચારરહિતપણે વ્યવહાર થાય છે...એ પ્રમાણે યોગદષ્ટિસમુચ્ચયમાં તેમ જ તેને અનુસરીને અહીં પણ જણાવ્યું છે.

પરંતુ ગ્રંથાંતરમાં મિથ્યાદષ્ટિ નામના ગુણસ્થાનકે પ્રથમ ગુણસ્થાનક તરીકે જે મુખ્ય વ્યવહાર થાય છે તેમાં નિમિત્ત તરીકે અર્થાત્ તે શબ્દના પ્રવૃત્તિનિમિત્ત તરીકે વ્યકત મિથ્યાત્વની બુદ્ધિને જણાવી છે. તે વસ્તુતઃ મિત્રાદષ્ટિ જ છે. વ્યકત મિથ્યાદષ્ટિ(મિથ્યાત્વ)રૂપે ત્યાં મિત્રાદષ્ટિનું જ ગ્રહણ કર્યું છે.

તીવ્ર કર્મમળ હોતે છતે વ્યક્ત મિથ્યાત્વબુદ્ધિ અને અવ્યક્ત મિથ્યાત્વબુદ્ધિ-એ બંન્નેમાં ક્યો વિશેષ છે ? અર્થાદ્ એ બંન્નેમાં કોઈ ફરક પડતો નથી. ઉપરથી દુષ્ટ એવી વ્યકત મિથ્યાત્વની બુદ્ધિ; અવ્યકત મિથ્યાત્વની બુદ્ધિની અપેક્ષાએ અત્યંત દુષ્ટ છે. તેથી તે કોઈ પણ રીતે તીવ્ર કર્મમળની વિદ્યમાનતામાં ગુણસ્થાનત્વનું કારણ નહીં બની શકે-એ સમજી શકાય છે.

જો આ રીતે 'ગુણસ્થાનક' પદની પ્રવૃત્તિના નિમિત્ત તરીકે મિત્રાદષ્ટિપ્રયોજક કર્મમળની અલ્પતા જ હોય તો તે

પ્રમાણે અન્યત્ર પણ જણાવવું જોઈએ ને ? વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિની પ્રાપ્તિને તે પ્રમાણે જણાવવાનું બરાબર તો ન ગણાય ને ? ઈત્યાદિ શઙ્કાનું સમાધાન કરાય છે... **विचित्रतया निगमस्य**...ઈત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે નૈગમનય વિચિત્ર છે. અનેક રીતે વસ્તુનું સ્વરૂપ જણાવવામાં તત્પર એવા તેના ઘણા પ્રકાર છે. તેના પ્રકાર-વિશેષને આશ્રયીને અન્યત્ર વ્યક્ત મિથ્યાત્વબુદ્ધિની પ્રાપ્તિને ગુણસ્થાનકપદપ્રવૃત્તિનિમિત્ત તરીકે જણાવી છે... ઈત્યાદિ વિદ્વાનોએ વિચારવું જોઈએ. વ્યક્ત મિથ્યાત્વ-બુદ્ધિની પ્રાપ્તિને તે તે ગ્રંથમાં મિથ્યાત્વગુણસ્થાનપદપ્રવૃત્તિ-નિમિત્ત સ્વરૂપે જે વર્ણવી છે, ત્યાં મિત્રાદષ્ટિને ઉદ્દેશીને જ વર્ણન છે. અથવા નૈગમનયને અનુસરીને ગ્રંથકારે પ્રકારાંતરથી ત્યાં મિથ્યાત્વગુણસ્થાનકપદની પ્રવૃત્તિના નિમિત્તનું વર્ણન કર્યું છે... એટલે પ્રકૃત વાતમાં બંન્ને રીતે પણ વિરોધ નથી. ॥૨૧-૨૫॥

••••○••••○••••○••••

મિત્રાદષ્ટિમાં પ્રાપ્ત થનારાં યોગનાં બીજોનું વિસ્તારથી વર્ણન પૂર્ણ કરીને હવે યોગના અઙ્ગભૂત પ્રથમ અઙ્ગસ્વરૂપ યમને આશ્રયીને જણાવાય છે-

**यमः सद्योगमूलस्तु, रुचिवृद्धिनिबंधनम् ।**
**शुक्लपक्षद्वितीयाया, योगश्चन्द्रमसो यथा ॥२१-२६॥**
**उत्कर्षादपकर्षाच्च शुद्ध्यशुद्ध्योरयं गुणः ।**
**मित्रायामपुनर्बन्धात्, कर्मणां सम्प्रवर्त्तते ॥२१-२७॥**

''શુક્લપક્ષની બીજના ચંદ્રમાના યોગની જેમ સદ્યોગ જેનું મૂળ છે એવો યમ(પાંચ મહાવ્રતો...) રુચિની

વૃદ્ધિનું કારણ છે. શુદ્ધિના ઉત્કર્ષથી અને અશુદ્ધિના અપકર્ષથી મિત્રાદષ્ટિમાં કર્મનો ફરીથી બંધ ન થવાના કારણે એ ગુણ(યમસ્વરૂપ યોગાઙ્ગ) પ્રવર્ત્તે છે.''-આ પ્રમાણે છવ્વીસમા અને સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. છવ્વીસથી બત્રીસમા શ્લોક સુધીના સાત શ્લોકો સુગમ છે, એમ જણાવીને ગ્રંથકાર પરમર્ષિએ તેની ઉપર ટીકાની રચના કરી નથી.

આ પૂર્વે; મિત્રાદષ્ટિમાં પ્રાપ્ત થનાર યોગના અઙ્ગ તરીકે યમની વાત જણાવી હતી. મુખ્યપણે પાતઞ્જલદર્શનને આશ્રયીને એ વાત જણાવી હતી. સ્વદર્શનને આશ્રયીને એ વિષયમાં અહીં થોડો વિચાર કરી લેવો છે. યોગની પરિભાષામાં પાંચ મહાવ્રતોને યમ તરીકે વર્ણવાય છે. મહાવ્રતોના સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો સમજાશે કે યોગની પૂર્વસેવાને પામ્યા વિના 'યમ'ની પ્રાપ્તિ શક્ય નથી. યોગ્યતા વિના કોઈ વાર એ મહાવ્રતોની પ્રાપ્તિ થઈ જાય તો ય તે તેના વિવક્ષિત ફળ સુધી લઈ જવા સમર્થ બનતી નથી. તેથી કથંચિદ્ એ પ્રાપ્તિ પણ અપ્રાપ્તિતુલ્ય જ બની રહેતી હોય છે. યોગની પૂર્વસેવા(ગુરુદેવાદિ-પૂજન, સદાચાર, તપ અને મુક્ત્યદ્વેષ) સ્વરૂપ સદ્યોગ, યમનું મૂળ છે. અને યમ સમ્યગ્દર્શનસ્વરૂપ તત્ત્વરુચિની વૃદ્ધિનું નિબંધન(કારણ) છે. શુક્લપક્ષની દ્વિતીયાનો ચંદ્ર ખૂબ જ અલ્પ સમય અને અલ્પપ્રમાણવાળો હોય છે. પરંતુ દિનપ્રતિદિન સમય અને પ્રમાણથી વૃદ્ધિને પ્રાપ્ત કરતાં કરતાં સમસ્ત કલાઓથી પૂર્ણકલાવાળો બને છે. એમાં મૂળભૂત કારણ દ્વિતીયાનો ચંદ્ર છે. એવી જ રીતે અહીં પણ યમસ્વરૂપ યોગાઙ્ગ દ્વિતીયાના ચંદ્ર જેવો છે, જે

અનુક્રમે આઠમી દૃષ્ટિ સુધી જીવને લઈ જાય છે.

મિત્રાદૃષ્ટિમાં આ યમસ્વરૂપ ગુણ; કર્મની અપુનર્બંધાવસ્થાના કારણે પ્રવર્ત્તે છે. અત્યાર સુધી જીવને તથાસ્વભાવાદિના કારણે મિથ્યાત્વમોહનીયાદિ કર્મનો ઉત્કૃષ્ટ બંધ ચાલુ હતો. પરંતુ એવો ઉત્કૃષ્ટ કર્મબંધ હવે બાકીના કાળમાં ક્યારેય થવાનો ન હોવાથી એ ગુણ પ્રવર્ત્તે છે. આ સ્થિતિ શુદ્ધિના ઉત્કર્ષથી અને અશુદ્ધિના અપકર્ષથી પ્રાપ્ત થાય છે. સામાન્યથી ઘાતિકર્મમલના વિગમથી શુદ્ધિ પ્રાપ્ત થાય છે. અને અશુદ્ધિ, ઘાતિકર્મના સંબંધથી પ્રાપ્ત થાય છે. જેમ જેમ ઘાતિકર્મોનો વિગમ થતો જાય છે તેમ તેમ શુદ્ધિનો પ્રકર્ષ(ઉત્કર્ષ) પ્રાપ્ત થાય છે અને અશુદ્ધિનો અપકર્ષ થતો હોય છે. એ માટે યોગની પૂર્વસેવા સ્વરૂપ સદ્યોગ ખૂબ જ ઉત્કટ સાધન છે. એ સાધનની ઉપેક્ષા કરવાથી યોગદૃષ્ટિને પામવાનું શક્ય નહીં બને. ॥૨૧-૨૬, ૨૭॥

••••○••••○••••

સત્પુરુષોના યોગથી જેમ મિત્રાદૃષ્ટિમાં ગુણની પ્રાપ્તિ થાય છે. તેમ કોઈ વાર પાપમિત્રોના યોગે ગુણાભાસ પણ હોય છે-એ જણાવીને તેની હેયતા જણાવાય છે-

**गुणाभासस्त्वकल्याणमित्रयोगेन कश्चन ।**
**अनिवृत्ताग्रहत्वेनाभ्यन्तरज्वरसन्निभः ॥२१-२८॥**

"આગ્રહની નિવૃત્તિ થયેલી ન હોવાથી આંતરિક તાવ જેવો ગુણાભાસ; કોઈ વાર અકલ્યાણમિત્રના યોગે મિત્રાદૃષ્ટિમાં હોય છે."-આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે મિત્રાદૃષ્ટિમાં આમ તો સદ્ગુરુના યોગે, અત્યાર સુધીનો જે કદાગ્રહ હતો તે ઘટતો

જાય છે. પરંતુ એની નિવૃત્તિ સંપૂર્ણપણે અહીં થયેલી નથી. બાહ્ય રીતે તાવ ન હોય, પણ એ જેમ અંદર હોય છે; તેમ આ દૃષ્ટિમાં બાહ્યદૃષ્ટિએ આગ્રહ ન જણાતો હોય તોપણ આંતરિક તાવ જેવો આગ્રહ હોવાથી કોઈ વાર અકલ્યાણ-મિત્રના સઙ્ગથી(અસદ્યોગથી) ગુણાભાસ પણ સંભવે છે.

અહીં યાદ રાખવું જોઈએ કે આ દૃષ્ટિમાં સદ્ગુરુદેવશ્રીના સદ્યોગથી ગુણની પ્રાપ્તિ થવાનો આરંભ થયેલો હોવા છતાં અભ્યંતર જ્વરની જેમ આગ્રહ હોવાથી અકલ્યાણમિત્રના યોગથી (અસદ્ના યોગથી) ગુણના બદલે ગુણાભાસની પ્રાપ્તિ થાય છે. સદ્ગુરુનો યોગ થયા પછી પણ પૂર્વના પ્રબળ પરિચયાદિના કારણે કોઈ વાર અસદ્નો (અકલ્યાણમિત્રનો) યોગ થવાથી મોક્ષના સાધનભૂત ગુણો ગુણાભાસમાં પરિણમતા હોય છે. આવા વખતે વર્ષોનો પરિચય છોડી દેવાનું લગભગ શક્ય બનતું નથી.

અકલ્યાણમિત્રો આપણને જે રીતે નુકસાન પહોંચાડે છે, એનો ખ્યાલ આવ્યા પછી પણ એનાથી દૂર રહેવાનું ઘણું જ કપરું કામ છે. અનાદિનો આગ્રહ તો છે જ અને એમાં આ અકલ્યાણમિત્રોનો યોગ મળે. પછી તો આપણા હાથમાં કશું જ રહેતું નથી. અંદર તાવ હોય અને અપથ્યાદિનો યોગ મળે તો દર્દીનું શું થાય-એ આપણને ખ્યાલમાં છે જ. ત્યાં અપથ્યથી દૂર રહી શકનારા પણ અહીં અકલ્યાણમિત્રોથી દૂર રહી શકતા નથી. યોગના અર્થી જીવો એ કામ કરી શકે તો સિદ્ધિનો અર્દ્ધભાગ સિદ્ધ થઈ ગયો છે-એમ કહી શકાય. મોક્ષમાર્ગની સાધનામાં વિઘ્નોને દૂર કરવાની વાતો કરવાના બદલે એ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

કલ્યાણમિત્રો વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરાવનારા છે. અકલ્યાણમિત્રો વિઘ્નોને દૂર કરવા પ્રયત્ન કરાવનારા છે. સ્થિરચિત્તે જો એનો વિચાર કરીએ તો એ બેમાં ઘણો મોટો ફરક જણાશે. મિત્રાદૃષ્ટિને પામ્યા પછી પણ તારાદિ દૃષ્ટિઓને પ્રાપ્ત કરવામાં જે વિલંબાદિ થાય છે-એનું પ્રધાન કારણ આ અકલ્યાણમિત્રનો યોગ છે. દેવ અને ગુરુના યોગમાં પણ અકલ્યાણમિત્રોનો યોગ આપણને કેટલો ગમે છે-એનો વિચાર કરવો ખૂબ જ આવશ્યક છે. દેવ અને ગુરુના સદ્યોગને સર્વથા નિરર્થક બનાવવાનું મુખ્ય કામ જ અકલ્યાણમિત્રના યોગનું છે. ॥૨૧-૨૮॥

••••○••••○••••

મિત્રાદૃષ્ટિમાં આગ્રહને લઈને અકલ્યાણમિત્રના યોગે ગુણાભાસ હોય છે-એ વાત દૃષ્ટાંતથી જણાવાય છે-

**मुग्धः सद्योगतो धत्ते, गुणं दोषं विपर्ययात् ।**
**स्फटिको नु विधत्ते हि, शोणश्यामसुमत्विषम् ॥२१-२९॥**

"સદ્યોગથી મુગ્ધ જીવો ગુણને ધારણ કરે છે અને અસદ્યોગથી દોષને ધારણ કરે છે. સ્ફટિક લાલવર્ણવાળા પુષ્પના સાન્નિધ્યથી લાલપુષ્પના વર્ણ જેવા વર્ણને ધારણ કરે છે અને શ્યામવર્ણના પુષ્પના સાન્નિધ્યથી શ્યામવર્ણવાળા પુષ્પના વર્ણ જેવા વર્ણને ધારણ કરે છે."-આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે વિવેકવિશેષથી રહિત એવા મુગ્ધ જીવોને કલ્યાણમિત્ર વગેરે સત્પુરુષોનો યોગ પ્રાપ્ત થાય તો તેઓ વિશિષ્ટ વિવેકાદિ ગુણને ધારણ કરનારા બને છે. એના વિપર્યયથી એટલે કે અકલ્યાણમિત્રો... વગેરે અસત્પુરુષોનો યોગ પ્રાપ્ત

થાય તો અવિવેકાદિ દોષને ધારણ કરે છે.

લાલ અને કાળા વર્ણવાળા પુષ્પના સાન્નિધ્યથી સ્ફટિક જેમ લાલાશ અને કાળાશને ધારણ કરે છે તેમ મુગ્ધ જીવોની પણ તે તે અવસ્થા સમજી શકાય છે. મિત્રાદૃષ્ટિને પામેલા જીવો સામાન્યથી મુગ્ધ હોય છે. પ્રબુદ્ધ હોતા નથી; કે જેથી સ્વયં વિવેકી બની ગુણ-દોષને ધારણ કરે કે પરિહરે. સદસદ્યોગના કારણે તેઓને સામાન્યથી ગુણ અને દોષની પ્રાપ્તિ થતી હોય છે. મુખ્ય રીતે મિત્રાદૃષ્ટિમાં સદ્યોગનું મહત્ત્વ ઘણું છે. એ સદ્યોગથી જ મિત્રાદૃષ્ટિમાંથી અનુક્રમે તારાદિ દૃષ્ટિમાં જવાનું થાય છે. અન્યથા તો અસદ્યોગથી ગુણાભાસ જ નહીં, પ્રતિપાત પણ થતો હોય છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૧-૨૯॥

સદ્યોગની મુખ્યતા દૃષ્ટાંતથી વર્ણવાય છે-

**यथौषधीषु पीयूषं, द्रुमेषु स्वर्द्रुमो यथा ।**
**गुणेष्वपि सतां योगस्तथा मुख्य इहेष्यते ॥२१-३०॥**

"ઔષધીઓમાં જેમ અમૃત મુખ્ય છે, વૃક્ષોને વિશે જેમ કલ્પવૃક્ષ મુખ્ય છે, તેમ ગુણોને વિશે સત્પુરુષોનો યોગ આ મિત્રાદૃષ્ટિમાં મુખ્ય મનાય છે..."-આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય સમજી શકાય છે. ઔષધી અને વૃક્ષોમાં અનુક્રમે અમૃત અને કલ્પવૃક્ષની મુખ્યતા સુપ્રસિદ્ધ છે તેમ યોગની સાધનામાં આ મિત્રાદૃષ્ટિને વિશે જે જે ગુણો પ્રાપ્ત થાય છે, તે બધામાં સત્પુરુષોનો(કલ્યાણમિત્રોનો) યોગ મુખ્ય-પ્રધાન મનાય છે.

અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં લગભગ અસત્પુરુષોનો પરિચય આપણને થતો આવેલો. કર્મની લઘુતાએ કોઈ વાર એવો યોગ પ્રાપ્ત થયો ત્યારે તેઓની વાત ગમી નહીં તેથી પરમાર્થથી તો સત્પુરુષોનો યોગ પ્રાપ્ત થયો ન હતો. મિત્રાદૃષ્ટિમાં આ સદ્યોગ અનેકાનેક ગુણોની પ્રાપ્તિનું કારણ બનવાથી તે બધા ગુણોમાં પણ મુખ્ય મનાય છે. અનાદિકાળની અજ્ઞાનદશાને દૂર કરી બોધનો પ્રારંભ કરાવનાર આ સદ્યોગ છે. યોગદૃષ્ટિઓના વિકાસમાં સદ્યોગનું જે મહત્ત્વ છે એ અહીં સમજી લેવું જોઈએ. આજે લગભગ એની ઉપેક્ષા કરાય છે. પરમ કલ્યાણમિત્ર એવા સદ્ગુરુનો યોગ પણ કેટલો ગમે છે : એ એક પ્રશ્ન છે. જેનો પ્રમાણિકપણે જવાબ આપવાનું પણ શક્ય નથી. યોગની દૃષ્ટિ તરફ દૃષ્ટિ હોય તો જ સદ્યોગનું મહત્ત્વ સમજી શકાશે. અન્યથા એની ઉપેક્ષા થવાની જ છે. મોક્ષસાધક યોગ પણ મોક્ષની ઈચ્છા વિના મોક્ષસાધક બનતા નથી. સદ્ગુરુના યોગથી મોક્ષની ઈચ્છા આવિર્ભાવ પામે છે. ॥૨૧-૩૦॥

•••○•••○•••○•••

સદ્યોગની મહત્તા જ વર્ણવાય છે-

**विनैनं मतिमूढानां, येषां योगोत्तमस्पृहा ।**
**तेषां हन्त विना नावमुत्तितीर्षा महोदधेः ॥२१-३१॥**

"જે મતિમૂઢ જનોને આ સદ્યોગ વિના યોગની ઉત્તમ સ્પૃહા છે તેમને મહાસમુદ્રને નાવ વિના જ તરવાની ઈચ્છા છે."-આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે જેમને સમુદ્રથી તરવાની ઈચ્છા

હોય અને નાવ વિના તરવાની ઈચ્છા કરે તો તે જેમ શક્ય નથી તેમ સદ્ગુરુના યોગ વિના જે જીવો ઉત્તમ એવા યોગની સ્પૃહા કરે તો તેમને કોઈ પણ રીતે યોગની પ્રાપ્તિ શક્ય નથી.

સામાન્ય નદી તરવી હોય અને નાવ ન હોય તો તરવાનું શક્ય બને પણ મહાસમુદ્ર તરવો હોય અને પોતાની પાસે નાવ-સાધન ન હોય તો તે કઈ રીતે શક્ય બને ? મહાસમુદ્રથી પાર ઊતરવામાં જે મહત્ત્વ નાવનું છે, એટલું જ મહત્ત્વ, ઉત્તમ એવા યોગની પ્રાપ્તિમાં આ સદ્યોગનું છે. જેમના દર્શનમાત્રથી જ આત્મા પવિત્ર બને છે, તે સત્પુરુષોની સાથેનો યોગ; યોગની પ્રાપ્તિમાં મુખ્ય કારણ છે. ભવનિસ્તારક કલ્યાણમિત્ર એવા પરમ સદ્ગુરુદેવશ્રીની સાથે થયેલો યોગ, ઉત્તમ એવા યોગની સ્પૃહાને પૂર્ણ કરે છે. ॥૨૧-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે—

**तन्मित्रायां स्थितो दृष्टौ, सद्योगेन गरीयसा ।**
**समारुह्य गुणस्थानं, परमानन्दमश्नुते ॥२१-३२॥**

"તેથી મિત્રાદષ્ટિમાં રહેલા જીવો શ્રેષ્ઠ એવા સદ્યોગથી ગુણસ્થાનકને પ્રાપ્ત કરી પરમાનંદને પ્રાપ્ત કરે છે."-આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. અહીં યાદ રાખવું જોઈએ કે મિત્રાદષ્ટિમાં સ્થિર થયેલા આત્માને શ્રેષ્ઠ એવા સદ્યોગથી ગુણસ્થાનકે આરોહણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. અનાદિકાળથી આમ તો આત્માને પ્રથમ ગુણસ્થાનક તો હતું જ. પરંતુ તે ગુણહીન હતું. સદ્યોગના

કારણે ગુણસંપન્ન એ ગુણસ્થાનક મિત્રાદષ્ટિમાં પ્રાપ્ત થવાથી અહીં ગુણસ્થાનકે આરોહણની શરૂઆત થાય છે. ગ્રંથિભેદ વખતના અપૂર્વકરણની નજીકની આ અવસ્થા છે.

પરમકલ્યાણમિત્ર એવા સદ્ગુરુદેવશ્રીના પરિચયાદિથી ઉત્તરોત્તર ગુણસ્થાનકને પ્રાપ્ત કરી અંતે પરમાનંદસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરવા આત્મા સમર્થ બને છે. મિત્રાદષ્ટિની આ એક અદ્ભુત વિશેષતા છે. શરીરની અંદર રહેલા તાવ જેવા આગ્રહને બહાર આવતાં અટકાવનારો સદ્યોગ છે. સદ્-યોગને જાળવી લેતાં આવડે તો મિત્રાદષ્ટિમાંથી તારાદિ દષ્ટિને પામવાનું ખૂબ જ સરળ બને છે. આપણને આજ સુધી સદ્યોગ મળ્યો ન હતો એવું નથી. પરંતુ ગમે તે કારણે તેને આપણે જાળવી ન શક્યા. શાસન ગમે અને અનુશાસન ન ગમે-આ સ્થિતિ ખરેખર જ ચિંતાજનક છે. અનુશાસનની અરુચિને લઈને જ સદ્યોગ નિરર્થક જાય છે. સદ્યોગનું સાક્ષાત્ફળ જ અનુશાસનની પ્રાપ્તિ છે. મિત્રાદષ્ટિને પામેલા જીવો એ અનુશાસનને પ્રાપ્ત કરી અનુક્રમે ગુણસ્થાનકે આરૂઢ થઈ પરમાનંદને પ્રાપ્ત કરનારા બને છે. અંતે ઉપર જણાવ્યા મુજબ સદ્યોગનું મહત્ત્વ સમજીને અનુશાસનને પ્રાપ્ત કરવા દ્વારા આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૨૧-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां मित्राद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥